વાંચી શકાય તેમજ સાંભળી શકાય તેવું પ્રથમ નવીન ગુજરાતી મેગેઝીન : “ઉમિયા જ્યોત”

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

ઉમિયા જ્યોત

PUBLISHER : PATEL MUKESHKUMAR AMRUTLAL : UMIYA JYOT (Gujarati Monthly) : EDITOR - AMRUT PATEL

Vol.15 • Issue No. 06 • 15th June, 2026, Monday • Pages 40 • Retail Price ₹ 45





ઉમિયા જ્યોત



અંકના સૌજન્ય દાતાશ્રી

સ્વ. જમનાદાસ જોઈતારામ પટેલ અને સ્વ. સીતાબા જમનાદાસ પટેલની

પાવન સ્મૃતિમાં





હસ્તે **શ્રી બાબુભાઈ જે. પટેલ** (બી.જે.પી.)

(ધારાસભ્યશ્રી દસક્રોઈ તથા પ્રમુખશ્રી- શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા)

જમનાદાસ હાઉસ, ઈસ્કોન-આંબલી રોડ,

અમદાવાદ - ૩૮૦ ૦૫૮.

With Best Compliments



EPC PIPELINE PROJECT

(OIL, GAS & WATER)
CROSS COUNTRY PIPELINE PROJECTS
HORIZONTAL DIRECTIONAL DRILLING
PIPELINE OPERATION AND MAINTENANCE
CATHODIC PROTECTION & CITY GAS DISTRIBUTION

JSIW INFRASTRUCTURE PVT. LTD.

AN ISO 9001 : 2015 COMPANY

A Pioneer in Pipeline Construction











Babubhai K. Patel | Rameshbhai K.Patel
Alpeshbhai B. Patel | Prashantbhai B. Patel | Brijeshbhai R. Patel

Regd. Office
4, Asstt. Mitre Estate
Nr. Vadilal Factory,
Dudheshwar Road,
Ahmedabad - 380004
GJ INDIA

Office
D-901, Ganesh Meredian
S G Highway,
Nr. Gujarat High Court
Ahmedabad — 380060
GJ INDIA

Corporate Office
JSIW House
B/s. Khoraj Fly Over
S G Highway
Dist. Gandhinagar- 382421
GJ INDIA

E-mail : info@jsiwinfra.com | Web : www.jsiwinfra.com | Phone : 079-40074303

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

ઉમિયા જ્યોત



શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ
- પ્રમુખશ્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

લવાજમ

છુટક નકલ રૂા. ૪૫/-

દેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/- ● ૫ વર્ષના રૂા. ૨૦૦૦/-

દેશમાં ૧૦ વર્ષ માટે રૂા. ૩૦૦૦/-

પરદેશમાં વાર્ષિક ડૉલર ૭૫ ● ૫ વર્ષ ડૉલર ૩૦૦

પરદેશમાં ૧૦ વર્ષ માટે ડૉલર ૫૦૦

પ્રકાશક - મુદ્રક

શ્રી મુકેશકુમાર અમૃતલાલ પટેલ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઉમિયા જ્યોત વતી ડિજીટલ વેબ, એફ.પી ૩૬/૨, ઉમિયા કેમ્પસ સામે, એસ.જી.હાઈવે, ગોતા, અમદાવાદ ખાતે છપાવી ઉમિયા કેમ્પસ, સોલા, અમદાવાદ ખાતેશ્રી પ્રસિધ્ધ કર્યું.

ઉમિયા જ્યોત દર મહિનાની
૧૫મી તારીખે પ્રસિધ્ધ થાય છે, ૧૮મી તારીખે પોસ્ટ થાય છે.

લવાજમ-લેખો-પત્ર વ્યવહાર માટે

'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪, ૬૩૫૪૫૩૬૪૩૬
સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી (રજાના દિવસ સિવાય)
E-mail : editorumiyajyot@gmail.com

અનુક્રમણિકા

umiyamatajiunjha   umiyamataunjha

ઉમિયા જ્યોતના તંત્રીસ્થાનેથી



ડૉ. અમૃત પટેલ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

નવા યુગમાં પાટીદાર સમાજની દિશા : સંસ્કાર, સંઘર્ષ અને મૂળભૂત ઓળખ

આ ૨૮મી મે ૨૦૨૬ના રોજ આપણે ૧૫૦૦ કરોડના ખર્ચે ૧૬૦૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ સમાવી શકે તેવી હોસ્ટેલનું લોકાર્પણ કર્યું છે ત્યારે આ જૂન ૨૦૨૬થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત માત્ર તારીખોના બદલાવનો પ્રસંગ નથી, તે સમાજ માટે આત્મચિંતન કરવાનો અવસર પણ છે. સમય બદલાય છે, પરિસ્થિતિઓ બદલાય છે અને સમાજ પણ નવી દિશાઓ તરફ આગળ વધે છે.આવા સમયે આપણે થોડું થંભીને વિચારવાની જરૂર છે કે પાટીદાર સમાજ આજે ક્યાં ઊભો છે અને આવનારા સમયમાં તેને કઈ દિશામાં આગળ વધવું જોઈએ.

એક સમય એવો હતો જ્યારે પાટીદાર સમાજનું જીવન ખેતી, ગામ અને સંયુક્ત પરિવાર વ્યવસ્થાની આસપાસ કેન્દ્રિત હતું. ધરતી સાથેનો જીવંત સંબંધ, મહેનત, સાદગી, પરસ્પર સહકાર અને સંસ્કાર સમાજની સાચી ઓળખ હતી. ગામડાંઓમાં લોકો સુખ-દુઃખમાં એકબીજાની સાથે ઊભા રહેતા. પરિવાર માત્ર રક્તસંબંધનો નહોતો, પરંતુ લાગણી અને જવાબદારીનું કેન્દ્ર હતો.

સમય જતાં શિક્ષણ અને ઉદ્યોગના વિકાસ સાથે પાટીદાર સમાજે નવી ઊંચાઈઓ હાંસલ કરી. આજે દેશ-વિદેશમાં પાટીદાર યુવાનો ડૉક્ટર, ઈજનેર, ઉદ્યોગપતિ અને વિવિધ ક્ષેત્રોમાં આગવું સ્થાન ધરાવે છે. અમેરિકા, કેનેડા, આફ્રિકા, યુરોપ અને વિશ્વના અનેક દેશોમાં પાટીદારો પોતાની મહેનત અને પ્રામાણિકતાથી સફળતાના નવાં શિખરો સર કરી રહ્યા છે. વૈશ્વિક સ્તરે મળેલી આ પ્રગતિ ચોક્કસપણે ગૌરવની બાબત છે.

ભૌતિક વિકાસ વચ્ચે સાંસ્કૃતિક ચિંતા

પરંતુ દરેક પ્રગતિ સાથે કેટલીક ગંભીર ચિંતાઓ પણ જોડાયેલી હોય છે. આર્થિક વિકાસ વધ્યો છે, પરંતુ સાથે સાથે સાંસ્કૃતિક અને પારિવારિક પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે. ભૌતિક સુખ-સગવડો વધી છે, છતાં ઘણા ઘરોમાં શાંતિ અને સંતોષનો અભાવ અનુભવાય છે. સંયુક્ત પરિવારની જગ્યાએ ન્યુક્લિયર પરિવાર વધતા વડીલો અને બાળકો વચ્ચેનું અંતર વધી રહ્યું છે. નવી પેઢી આધુનિક જીવનશૈલી તરફ ઝડપથી આગળ વધી રહી છે, પરંતુ પોતાની સંસ્કૃતિ, ભાષા અને પરંપરાથી દૂર ન થઈ જાય તે અંગે ચિંતા પણ જરૂરી છે.

'સમાજ માત્ર સંપત્તિથી નહીં, સંસ્કાર અને પોતાના મૂળિયાં (Roots) સાથે જોડાયેલા રહેવાથી મહાન બને છે.'

આજે સમાજ સામેનો સૌથી મોટો પ્રશ્ન માત્ર આર્થિક વિકાસનો નથી, પરંતુ મૂલ્યો અને સંસ્કારોને જાળવવાનો છે. સંપત્તિ જીવનને સુખી બનાવી શકે, પરંતુ સંસ્કાર જીવનને અર્થપૂર્ણ બનાવે છે. જો નવી પેઢી પાસે જ્ઞાન હશે પરંતુ માનવતા નહીં હોય, સફળતા હશે પરંતુ સંવેદના નહીં હોય, તો સમાજની પ્રગતિ અધૂરી ગણાશે.

નવી પેઢી અને ગામડાના સંઘર્ષનું અજ્ઞાન

આજે આપણી સામે સૌથી મોટો પડકાર એ છે કે શહેરોમાં એસી રૂમ અને આધુનિક સુવિધાઓ વચ્ચે ઉછરતી નવી પેઢીને

એ વાતનું પૂરતું જ્ઞાન નથી કે તેમના વડીલો કેવા સંઘર્ષમાંથી પસાર થયા છે. આજના બાળકોને ગામડાના જીવનની કઠિન વાસ્તવિકતાની ખબર જ નથી.

આજે જે પરિવારો શહેરોમાં કે વિદેશમાં સ્થિર થઈને મોટા ઉદ્યોગ-ધંધા ચલાવી રહ્યા છે, તેની પાછળ પૂર્વજોની હાડમારી, પરસેવો, તંગી અને સંઘર્ષ છુપાયેલો છે. ઘણા વડીલોએ અછત, પાણીની તકલીફ, ખેતીની અનિશ્ચિતતા અને મર્યાદિત સાધનો વચ્ચે મહેનત કરીને પોતાના સંતાનો માટે ઉજ્જવળ ભવિષ્ય તૈયાર કર્યું છે.

પરંતુ જો નવી પેઢીને આ ભૂતકાળની ખબર નહીં હોય, તો તેઓ ક્યારેય આ પ્રગતિની સાચી કિંમત સમજી શકશે નહીં. મૂળથી દૂર જતો સમાજ લાંબા ગાળે પોતાની ઓળખ ગુમાવવાનો ભય અનુભવે છે.

એક અનોખો પ્રસ્તાવ : 'પૂર્વજોની આપણી ગ્રામ્ય સંસ્કૃતિને જાણો' શિબિર

આ સમસ્યાના ઉકેલ માટે હવે માત્ર ચર્ચાઓથી કામ નહીં ચાલે. સમાજે નક્કર પગલાં લેવાની જરૂર છે. આ તબક્કે પાટીદાર સમાજ સમક્ષ હું એક પ્રસ્તાવ મૂકવા માંગું છું – દર વર્ષે ઉનાળાના વૅકેશન દરમિયાન શહેરી અને વિદેશમાં વસતા પાટીદાર બાળકો માટે કોઈ એક ગામડામાં વિશેષ 'સાંસ્કૃતિક અને શ્રમ શિબિર'નું આયોજન થવું જોઈએ.

આ શિબિરનો મુખ્ય હેતુ બાળકોને પોતાના મૂળ, પૂર્વજો અને ગામડાની વાસ્તવિક જીવનપદ્ધતિ સાથે જોડવાનો હોવો જોઈએ.

આવી શિબિરમાં નીચે મુજબના કાર્યક્રમો થઈ શકે :

– ખેતી અને પશુપાલનનો પ્રત્યક્ષ અનુભવ

– વહેલી સવારથી ગામડાની જીવનશૈલીનો પરિચય

– પાણી, અનાજ અને શ્રમનું મહત્ત્વ સમજાવતી પ્રવૃત્તિઓ

– વડીલો સાથે સંવાદ અને તેમના સંઘર્ષની વાતો

– ગામઠી રમતો, લોકગીતો અને લોકસંસ્કૃતિનો પરિચય

– સમાજના ઇતિહાસ અને સ્થળાંતરની માહિતી

– સેવા, સહકાર અને સમૂહજીવનના પાઠ

– મોબાઇલમુક્ત અને પ્રકૃતિ સાથે જોડતો સમય

– વૃક્ષારોપણ, સ્વચ્છતા અને સામાજિક જવાબદારીની **પ્રવૃત્તિઓ**

– 'મારા પૂર્વજોની જીવનયાત્રા' વિષય ઉપર બાળકોનાં ચર્ચાસત્રો

આવી શિબિરો દ્વારા બાળકોમાં શ્રમ પ્રત્યે ગૌરવ વધશે, વડીલો પ્રત્યે આદરભાવ જાગશે અને પોતાની ઓળખ પ્રત્યે ગૌરવની લાગણી વિકસશે. ભૌતિકવાદી માનસિકતાની જગ્યાએ સંવેદના, સેવા અને માનવતાનાં મૂલ્યો મજબૂત બનશે.

ટૅક્નોલૉજી અને સોશિયલ મીડિયાના યુગમાં માહિતીનો પ્રવાહ વધ્યો છે, પરંતુ સાથે સાથે માનસિક તણાવ, એકલતા અને સંબંધોમાં નબળાઈ પણ વધી રહી છે. આજના યુવાનો પાસે તકો ઘણી છે પરંતુ સાચી દિશાની જરૂર છે. પરિવારમાં વડીલોનો અનુભવ અને યુવાનોની નવી વિચારસરણી વચ્ચે સમન્વય રચાય તે સમયની માંગ છે.

નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત સાથે આપણે સૌ એવો સંકલ્પ કરીએ કે, પાટીદાર સમાજ માત્ર આર્થિક રીતે નહીં પરંતુ સાંસ્કૃતિક, નૈતિક અને માનવીય મૂલ્યોમાં પણ સમૃદ્ધ બને. પ્રગતિ સાથે પોતાનાં મૂળ ગામડું, ખેતી, સંસ્કાર અને સંઘર્ષની સ્મૃતિ – ને જાળવી રાખનાર સમાજ જ લાંબા ગાળે સાચી રીતે ટકી શકે છે.

સમાજનું ભવિષ્ય નવી પેઢીના હાથમાં છે. તેથી નવી પેઢીને માત્ર ભૌતિક સફળતા નહીં પરંતુ સંસ્કાર, સંઘર્ષની ઓળખ, સેવા અને માનવતાનો માર્ગ આપવો એ આપણા સૌની સંયુક્ત જવાબદારી છે.

વિભાગ : ૧ ઉપનિષદો, પુરાણો અને લોક પરંપરામાં ઉમિયા માતાજીની કથાઓ

મા ઉમા-ભગવતીએ આપેલ શિવ-નિર્માલ્યને શાપ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



જગત જનની મા ઉમિયા માતાજી

'ત્યાગીને ભોગવવું અને વહેંચીને ખાવું' એ આપણી સંસ્કૃતિનાં સમષ્ટિ-કલ્યાણાર્થે સંવેદના, અનુગ્રહ (કૃપા) અને સર્વભૂતહિતરત ધરાવતાં ઉત્તમોત્તમ મૂલ્યો છે. વૈષ્ણવ, શૈવ અને શાક્તધર્મનું ઐક્ય, એકરૂપતા અને સમરસતા દર્શાવતો એક રોચક પ્રસંગ અહીં પુરાણકારે આપ્યો છે.

શ્રીરાધિકાજીએ પરમ તત્ત્વ શ્રીકૃષ્ણને પ્રશ્ન પૂછ્યો કે "પ્રભુ, શંકર સર્વેશ્વર અને મહાત્મા હોવા છતાં તેમનું ઉચ્છિષ્ટ (વધેલું) નૈવેદ્ય (પ્રસાદરૂપે) જો લેવાય તો તે ઉત્તમ કેમ ગણાતું નથી ?" જો કે હિંદુ ધાર્મિક પરંપરામાં ગુરુ અથવા ભગવાનને અર્પિત થયેલું અન્ન (પ્રસાદ) બાકી રહે તે ઉચ્છિષ્ટ (અશુદ્ધ) નહીં; પરંતુ પવિત્ર માનવામાં આવે છે. આમ છતાં રાધાજીની આ જિજ્ઞાસા કંઈક નૂતન અને રોમાંચક સંદેશ આપે છે.

એક સમયે બ્રહ્મર્ષિ સનત્કુમાર વૈકુંઠધામમાં ગયા. આ સમયે શ્રીનારાયણ ભોજન કરી રહ્યા હતા. તેમનું એ ઋષિએ દર્શન કર્યું. સનત્કુમારે ગૂઢ સ્તોત્ર વડે શ્રીનારાયણની સ્તુતિ કરી. આથી ભક્તવત્સલ શ્રીવિષ્ણુએ સંતુષ્ટ થઈ બાકી રહેલું ભોજન તેમને આપ્યું. આ ભોજન સનત્કુમારે ત્યાં જ ખાધું. આ દુર્લભ ભોજન પોતાના ભાઈઓ માટે થોડું બાકી રાખ્યું. આ ઋષિ સિદ્ધોના આશ્રમ સિદ્ધપુર (ઉત્તર ગુજરાતનું 'માતૃગયા' તીર્થ) જઈને ગુરુ શ્રીશંકર(મહાદેવ)ને તે વિષ્ણુ-પ્રસાદરૂપ ભોજન આપ્યું. શ્રીશંકરે ભક્તિની અધિકતાપૂર્વક તે ભોજન ગ્રહણ કર્યું; જે ભોજનથી શિવ પ્રેમથી વિહ્વળ થઈ નૃત્ય કરવા લાગ્યા અને સર્વાંગ રોમાંચિત થયાં. નેત્રો અશ્રુભીનાં થયાં. હર્ષિત તે પંચમુખથી શ્રીવિષ્ણુના ગુણોનું ગાન કરવા લાગ્યા. આ ગુણગાન કરતાં કરતાં શંકરના હાથમાંથી ડમરુ, શૃંગ-વાદિત્ર તથા વ્યાઘ્રચર્મ પડી ગયાં. તે સ્વયં જમીન પર ઢળી પડીને રુદન કરતાં મૂર્છા પામ્યા. ચિત્તથી શ્રીવિષ્ણુમાં પરોવાયેલા શિવે પોતાના હૃદય-કમળમાં એક હજાર પાંખડીઓની વચ્ચે રહેલા મારું (શ્રી હરિનું) દર્શન કરવા માંડ્યું. શ્રીવિષ્ણુના સુંદર રૂપનું ધ્યાન કરી એકાગ્રમન થયા.

શિવજીની આવી અવસ્થામાં દુર્ગતિનો નાશ કરનારાં શ્રીદુર્ગાદેવી હર્ષથી ત્યાં આવી પહોંચ્યાં. રુદન કરતા અને મૂર્છિત શિવને દેવી પ્રસન્ન મુખ અને નેત્રોથી જોઈ રહ્યાં. આ સ્થિતિનો તાગ મેળવવા સનત્કુમારને પૂછતાં તેમણે સમગ્ર વૃત્તાંત દેવીને જણાવ્યું. આ સાંભળી દેવી શ્રીશિવજી ઉપર કોપાયમાન થતાં તેમનો નીચલો હોઠ અત્યંત ફરકવા લાગ્યો. શ્રીશંકરને શાપ આપવા તત્પર બન્યાં. ત્રિનેત્ર શંકર ઊઠી, ઊભા થઈ, બે હાથ જોડી વિવિધ સ્તુતિ કરવા લાગ્યા. તેમનું મનોહર સ્તોત્ર સાંભળી શિવાએ શિવને શાપ ન આપતાં શિવના ઉચ્છિષ્ટ નિર્માલ્યને વિદ્વાનો માટે પણ અભક્ષ્ય તથા દુષ્ટ બનાવ્યું.

આમ લોકોના તપ, સૌભાગ્ય કે તેજનો પણ કોઈ પ્રભાવ એ દેવીના ક્રોધની સામે નિષ્ફળ નીવડે છે; જેથી આ બ્રહ્માંડમાં સર્વનો સંહાર કરનાર છતાં શિવ મા ઉમાના કોપથી ભયભીત થઈ કંપવા લાગ્યા. લાલચોળ નેત્રકમળ, ગણપતિનાં માતાએ શંકરને નીતિના સારરૂપ વચન કહ્યું, "હે શિવ ! તમે સમગ્ર જગતનું પાલન અને પોષણ કરનાર, વેદોને ઉત્પન્ન કરનાર વિષ્ણુ અથવા પ્રભુ છો. ભક્તોને સંસારથી મુક્તિ આપનાર, સર્વસંપત્તિ-દાતા છો, છતાં તમે જ જો દુષ્ટ નીતિ રાખો તો ધર્મનું પાલન કોણ કરશે ? વળી, હું તો તમારી દાસી છું, તેથી તમારે તો મારું સર્વકાળે ભક્તિથી ભરણપોષણ કરવું ઘટે છે (પત્નીનું ભરણપોષણ કરે તે જ સાચા અર્થમાં પતિ); છતાં તમારા ઉચ્છિષ્ટ વિષ્ણુપ્રસાદમાં મારા કર્મના દોષથી તમે મને ઠગી છે. કોઈ વસ્તુ સુવર્ણથી, વાયુથી કે ધોવાથી શુદ્ધ થાય છે પણ શ્રીવિષ્ણુને નિવેદન કરવાથી તો હર કોઈ વસ્તુ શુદ્ધ થાય જ છે. પિતૃઓ, અતિથિઓનું પણ શ્રીવિષ્ણુને નૈવેદ્યરૂપે અર્પણ કરેલ અન્નથી જ યજન કરવું જોઈએ; એમ વેદોમાં નિશ્ચયપૂર્વક જણાવેલ છે. શ્રીહરિને અર્પણ નહીં કરેલું અન્ન અભક્ષ્ય ગણાય છે. આવા અન્નનો ત્યાગ કરી શ્રીવિષ્ણુને ભક્તિથી નિવેદિત કરેલું અન્ન જમે છે તે શ્રીવિષ્ણુનો પાર્ષદ (સેવક) થાય છે. આવું નિવેદિત ભોજન અમૃતથી પણ ઉત્તમ છે. આ એક

સારૂપ્ય ભક્તિ-પ્રકાર છે.''

હવે મજાની વાત એ છે કે પુરાણકારે પાર્વતીના સ્ત્રીત્વ(પ્રેમ, ત્યાગ, સમર્પણ)ને વ્યક્ત કરતું ક્રોધ, શાપ અને પશ્ચાત્તાપનું સમીકરણ કર્યું છે. દેવીએ મૂળ વાત કરતાં કહ્યું કે, ''મેં ચિરકાળથી તપ કરીને તમને ઈશ્વરને પતિ તરીકે મેળવ્યા છે, તો પછી મને શ્રીવિષ્ણુના પ્રસાદથી વંચિત કેમ રાખી ? આથી તેનું ફળ તમે હવે મેળવો ! આજથી લઈને જે લોકો તમારું નૈવેદ્ય જમશે તેઓ એક જન્મ સુધી આ ભારતક્ષેત્રમાં અવશ્ય શ્વાન થશે.'' (શ્વાનમાં ભક્ષ્યાભક્ષ્યનો વિવેક નથી હોતો; જે આ સંદર્ભે પ્રતીકાત્મક યોની છે.) આમ કહી પાર્વતી માતા શિવની આગળ રડવા લાગ્યાં. પાર્વતીની ક્રૂર દૃષ્ટિ શિવના ગળા પર પડતાં શિવ 'નીલકંઠ' બન્યા. શિવે શિવાને ભક્તિથી આદરપૂર્વક છાતી પર લઈ સ્તોત્ર અને વિનય વડે મનાવ્યાં. તેમના નેત્રનાં આંસુ લૂછી મનોહર વાણીથી સંતુષ્ટ કર્યાં. પારિવારિક માધુર્યની આ તો મજા છે !

દેવીએ કહ્યું, ''હું નિરંતર તમારા સૌભાગ્યને વધારનાર હોઈ મારો આ દેહ ધારણ કરી રહી છું. મેં જન્મ, મૃત્યુ તથા જરા – ઘડપણને દૂર કરનાર તમારા અપૂર્વ નૈવેદ્યને શાપ દ્વારા દુષ્ટ કર્યું છે, તેથી હું મારા આ દેહનો ત્યાગ કરીશ.'' ક્રોધથી દેવીએ શિવને શાપમાંથી છૂટછાટ આપતાં જણાવ્યું કે, ''જે નૈવેદ્ય તમારા લિંગ પર અર્પણ કરેલ હશે તે અગ્રાહ્ય – અયોગ્ય થશે; પરંતુ શ્રીવિષ્ણુના નૈવેદ્ય સાથે મિશ્રિત નૈવેદ્ય અત્યંત પવિત્ર અને સ્વીકારવા યોગ્ય ગણાશે.'' એમ કહી દેવી પોતાનો દેહ ત્યજવા તત્પર બન્યાં ત્યારે ત્રાસ પામેલા શંકરે મા ઉમાની નામ-ગુણ-સંકીર્તન સ્તુતિ કરતાં કહ્યું કે, ''હે જગતનાં અંબિકે ! તમે મારો સમગ્ર અપરાધ ક્ષમા કરવાને યોગ્ય છો. તમે પોતાના તપ વડે ખરીદી લીધો છે, તેથી હું તમારો સેવક છું. તમે ત્રિદેવના બીજરૂપ સનાતની દેવી છો; તેથી મારી ઉપર કૃપા કરો. શ્રીહરિની ઈચ્છાથી જ તેમનો પ્રસાદ આપવા અશક્તિમાન થયો. દેહનો પરિત્યાગ કરીને નિર્ગુણ-સ્વરૂપ તે પરમાત્મામાં ભલે વાસ કરો !'' આથી પ્રસન્ન દેવીએ શિવને પ્રણામ કર્યા. શિવરચિત આ સ્તોત્રનો જો કોઈ પાઠ કરે છે તો વિપત્તિમાંથી ભયમુક્ત, મિત્રોની પરસ્પરની ફાટફૂટ દૂર થાય છે. દેવી પ્રસન્ન થઈ તે મનુષ્યના ઘરનો કદાપી ત્યાગ નથી કરતાં.

શ્રીપાર્વતીજીએ શિવની આ સ્તોત્રાત્મક વાણીથી સંતુષ્ટ થઈ, શિવની આજ્ઞા લઈ ગંગાસ્નાન કરી, ઈષ્ટદેવ નિર્ગુણ શ્રીકૃષ્ણનું ભક્તિથી પૂજન કરી, તરત જ વિવિધ શાક અને મિષ્ટાન્ન તૈયાર કર્યાં. શિવજીએ પણ સ્નાન કરી સનાતન જ્યોતિરૂપ બ્રહ્મ – પરમાત્માનું સારી રીતે પૂજન કર્યું. આવી ભક્તિથી પ્રસન્ન શ્રીહરિ શિવ-શિવા સમક્ષ પહોંચી અર્પિત નૈવેદ્ય જમ્યા. બાકી (ઉચ્છિષ્ટ) નૈવેદ્ય શિવ-શિવાની ઈચ્છાથી આપ્યું. શ્રીપાર્વતીએ શ્રીહરિનું પ્રસાદરૂપ નૈવેદ્ય મેળવી શ્રીરાધાજી સમીપે આવ્યાં. શિવ સાથે એ નૈવેદ્ય જમીને હર્ષિત પાર્વતીજીએ શ્રી શંકરને સ્તુતિપૂર્વક ભક્તિથી વારંવાર પ્રણામ કર્યાં.

અહીં પુરાણકારે ભગવતી ઉમાને ત્રિદેવથી પણ શ્રેષ્ઠ બતાવ્યાં છે. કારણ કે તે તો જગતજનની, રક્ષક, માતા સમાન નીતિની શિક્ષા આપનાર અને કલ્યાણપ્રદ છે. શૈવ અને વૈષ્વણ ભક્તો સાથે મળી ભોજન લે એ જ સર્વધર્મ-સમભાવ માટે તેમજ વૈમનસ્ય અને દ્વેષને દૂર કરવા માટે મા ઉમા નિમિત્તરૂપ અને પ્રેરક બન્યાં છે. સમગ્ર પ્રસંગમાં વેદ, તંત્રશાસ્ત્રનો પ્રભાવ, ભક્ત-ભગવાનનો સંબંધ તેમજ સામીપ્ય, સારૂપ્ય અને મધુર ભક્તિનો સુયોગ પ્રાપ્ત થાય છે.

સંદર્ભ :

❖ અનુ. શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર, બ્રહ્મવૈવર્તપુરાણ, ભાગ-૨, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ઈ.સ. ૧૯૭૦, અ. ૩૭, પાન.નં. ૮૬૯ થી ૮૭૨



ડૉ. સમીરકુમાર કે પ્રજાપતિ

વિભાગ : ૨ પાટીદારોની ઉત્પત્તિ, ઈતિહાસ અને ભ્રમણો

અંગ્રેજ સરકાર દ્વારા ૧૮૭૦માં પાટીદાર સમાજ માટે લેવાયેલાં ક્રાંતિકારી કાયદાકીય પગલાં ભાગ-૨

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

(ગતાંકથી ચાલુ)

સને ૧૮૪૫થી ૧૮૭૦ સુધીના જ્ઞાતિની સ્થિતિ સુધારવા થયેલા સઘળા પ્રયત્નો તથા તેમાં આવેલાં વિઘ્નોનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું હતું. વળી, નીચે પ્રમાણે વસ્તીની ગણતરી થયેલી તે આંકડાઓના આધારે બાળકીઓની થઈ પડેલી દયાજનક સ્થિતિને લઈને આ કાયદો લાગુ કરવાની કેટલી બધી અગત્ય છે, તે લંબાણ ખુલાસાવાર સમજાવવામાં આવ્યું હતું.

ચાર કુળવાન પોળો તથા ગામડાંઓનાં બાળકોની સંખ્યા

	છોકરા	છોકરી
પહેલી પોળ	૫૦	૩૨
બીજી પોળ	૬૧	૪૮
ગોમતીપુર	૧૦૩	૭૫
વાડજ	૬૫	૫૦
મીઠાખળી	૭૫	૩૯
હઠીપુરા	૩૦	૨૦
અમરાઈ	૬૨	૪૧
મોટેરા	૬૦	૨૪
ત્રીજી પોળ	૭૧	૪૨
ચોથી પોળ	૨૯	૨૪
અસારવા	૬૭	૩૩
નવરંગપુરા	૩૫	૧૩
માદલપુર	૩૫	૧૫
વછરાલ	૨૮	૧૮
અચીઅર	૨૯	૧૫
કુલ સરવાળો	૮૦૦	૪૮૯

આ પ્રમાણે અરજી કરી એવી દાદ માગવામાં આવી હતી કે :

૧. જ્ઞાતિનો ઈન્સાફ કરવા સરકારી અમલદારના અધ્યક્ષપણા નીચે ત્રીસ પટેલોની એક કમિટી નીમવી.

૨. કરેલી સગાઈ તોડવી નહીં.

૩. રૂ. ૧૦૦થી વધારે ચાંલ્લો લેવો નહીં.

૪. કરકરીઆવરમાં ઘણો ઘડાટો કરવો.

૫. સ્ત્રીની ૨૫ વર્ષની વય થવા છતાં જો ફરજંદ ન થયું હોય તો અથવા તે પહેલાં શારીરિક ખામી કે અશક્તિ હોય તો, પ્રથમની સ્ત્રીને તેના બાપે જેટલો ચાંલ્લો ભર્યો હોય તેટલું ઘરાણું તથા માસિક રૂ. ૪ થી રૂ. ૧૫ સુધી ખોરાકી આપવાનો ઠરાવ કરી, તથા જેના બાપે બિલકુલ ચાંલ્લો ન ભર્યો હોય તેને રૂ. ૧૦૦ સુધીના દાગીના તથા યોગ્ય ખોરાકી-પોશાકી ઠરાવીને પછી બીજી સ્ત્રી કરવી.

૬. જ્ઞાતિપંચના સર્ટિફિકેટ વિના કોઈએ સ્ત્રીને છાંડવી નહીં.

૭. જ્ઞાતિફંડ માટે સગાઈ થાય ત્યારે રૂ. ા૦ વરપક્ષ અને રૂ. ા૦ કન્યાપક્ષ તરફથી લેવો. નાતરામાં તથા ચાંલ્લો ભરાતી વખતે તેથી બમણી રકમ લેવી.

આ પ્રમાણે લગ્નખર્ચાઓમાં ઘટાડો કરી બાળકીઓનું રક્ષણ કરવા સને ૧૮૭૦નો ૮મો ઍક્ટ ગુજરાતમાં લાગુ કરી આપો, એવી માગણી કરી હતી. હજારો માણસોની સહીઓ સાથેની આ અરજી લઈ શેઠ બહેચરદાસ લશ્કરી જાતે સને ૧૮૭૦ના ઑગસ્ટ મહિનામાં ના. ગવર્નર સાહેબ સર સાયમોર ફિટ્ઝરાલ્ડ હજૂરમાં પૂના ગયા અને રૂબરૂમાં જ્ઞાતિની બાળાઓની સ્થિતિનો ચિતાર આપ્યો. તેના પરિણામે સને



૧૮૭૦નો ૮મો ઍક્ટ (બાળકી હત્યાનો કાયદો) તે જ વર્ષના ડિસેમ્બર મહિનામાં લાગુ કરવામાં આવ્યો અને ગુજરાતના કડવા-લેઉવા માટે કાયદાઓ ઘડી ના. મુંબઈ સરકારે પસાર કરી, સને ૧૮૭૧ના એપ્રિલ મહિનામાં ના. હિન્દ સરકારની મંજૂરી મેળવી. એની નકલ નીચે આપવામાં આવી છે.

જાહેરનામું

જંજીરે મુંબઈ, તારીખ ૧૫મી માહે એપ્રિલ, ૧૮૭૧

સને ૧૮૭૦ના ૮મા ઍક્ટની બીજી કલમ પ્રમાણે જે કાનૂનો કરીને જનરલ ડિપાર્ટમેન્ટનું, સને ૧૮૭૦ના ડિસેમ્બર મહિનાની ૨૧મી તારીખનું જાહેરનામું, સને ૧૮૭૦ના ડિસેમ્બરની ૨૨મી તારીખે મુંબઈના સરકારી ગૅઝેટના ૧૩૪૬મા પાને છપાયું છે, તે પ્રમાણે મુંબઈ સરકારના તાબા માંહેના અમદાવાદ અને ખેડા ડિસ્ટ્રિક્ટ મધ્યેના લેઉવા અને કડવા કણબીની ન્યાતના લોકોને લાગુ કર્યા છે તે કાનૂનો બંદેગાન આલી નવાબ મુસ્તેતાબ હજરત રાઇટ ઑનરેબલ ગવર્નર સાહેબ બહાદુર દરઈજલાસ કાઉન્સિલે સઘળા લોકોને જાહેર થવા સારુ છપાવીને પ્રસિદ્ધ કર્યા છે.

(૧) સને ૧૮૭૦ના ૮મા ઍક્ટનાં કારણો સારુ અમદાવાદ અને ખેડા ડિસ્ટ્રિક્ટમાં, હેઠળ લખેલી ફીનું 'ઇન્ફન્ટિસાઇડ ફંડ' કરવું; એટલે સદરહુ ડિસ્ટ્રિક્ટના હરકોઈ ભાગમાં રહેનારા લેઉવા અને કડવા કણબીની નાતમાં—

૧. જન્મ થાય તે નોંધવાની ફી,

૨. મરણ થાય તે નોંધવાની ફી,

૩. વિવાહ થાય તે નોંધવાની ફી,

૪. લગ્ન થાય તે નોંધવાની ફી

એની વિગતે ફીનું 'ઇન્ફન્ટિસાઇડ ફંડ' કરવું.

(૨) હરેક તાલુકામાં સરકાર એક અથવા વધતા અમલદારો નીમશે અને તેઓને કડવા અને લેઉવા કણબીની નાતમાં જન્મ, મરણ અને લગ્ન થાય તેના રજિસ્ટ્રાર કહેવા. ડિસ્ટ્રિક્ટનો કલેક્ટર જે જે જગ્યાએ ઠરાવે તે તે જગ્યાએ દર એક રજિસ્ટ્રારે પોતાની કચેરી કરવી. સદરહુ નાતમાં જન્મ, મરણ, વિવાહ, લગ્ન અને નાતરાં થાય તે બાબતની ખબર, તે નાતનાં માણસો નોંધાવવાને લાવે તે સઘળી ખબર, તે રજિસ્ટ્રારે કલેક્ટર ફરમાવે તેવી બુકમાં અને તેવા નમૂના પ્રમાણે નોંધવી. જે ફી લેવાનું ઠરાવ્યું હોય તે ફી લઈને, તેણે કલેક્ટર ફરમાવે તે રીતે 'ઇન્ફન્ટિસાઇડ ફંડ' ખાતે જમા કરવી. નોંધાયા વગરનાં જન્મ, મરણ, વિવાહ, લગ્ન અને નાતરાંની તેને ખબર પડે તે બાબત કલેક્ટરને અથવા કલેક્ટર કહે તે અમલદારને તેણે તાબડતોબ રિપોર્ટ કરવો અને છોકરીનાં મરણ બાબતે રિપોર્ટ આવે એટલે તેણે ગામના પોલીસ પટેલને અથવા હેડ કૉન્સ્ટેબલના દરજ્જા કરતાં જેનો દરજ્જો નીચો નહીં હોય તેવા કોઈ પોલીસ અમલદારને સાથે લઈને તે ઘેર તાબડતોબ જવું. જો તેઓને ખાતરી થાય કે સ્વાભાવિક કારણથી મરણ થયું છે તો રજિસ્ટ્રારે મડદું દાટવા અથવા બાળવા સારુ લઈ જવાની પરવાનગી લખીને આપવી. રજિસ્ટ્રારના અથવા પોલીસ અમલદારના મનમાં શક આવે તો કાયદા પ્રમાણે તે બાબતનો નિકાલ કરવા સારુ તે કામ પોલીસ અમલદારની પાસે મોકલવું.

(૩) હેઠળ લખેલાં માણસો એટલે કે જે માણસો કડવા અને લેઉવા કણબીની નાતનાં હોય અને સદરહુ ડિસ્ટ્રિક્ટમાં રહેતાં હોય તેઓ જે તાલુકામાં અથવા કસ્બામાં રહેતાં હોય તે તાલુકાના અથવા કસ્બાના રજિસ્ટ્રારને તેઓએ જન્મ, મરણ, વિવાહ, લગ્ન અથવા નાતરાં બાબતનો કાનૂન પ્રમાણેનો રિપોર્ટ કરવો જોઈએ.તે રિપોર્ટ તેઓએ તે રજિસ્ટ્રારને નીચે મુજબ કરવો એ તેઓનું કામ છે.

જન્મ બાબત : છોકરાંના બાપે રિપોર્ટ કરવો. તે ગેરહાજર હોય તો જે પુરુષ નિકટનો એટલે કે નજીકનો સગો હોય તેણે રિપોર્ટ કરવો. ગામમાં અથવા કસ્બામાં એ બેઉમાંથી કોઈ હાજર નહીં હોય તો નિકટની સગી જે બાયડી હોય તેણે રિપોર્ટ કરવો.

છોકરાંના મરણ બાબત : છોકરાંના જન્મની પેઠે જ રિપોર્ટ કરવો. પુખ્ત ઉંમરની બાયડીના મરણ બાબત તેના ધણીએ રિપોર્ટ કરવો. ગામમાં અથવા કસ્બામાં એ બેઉમાંથી કોઈ હાજર નહીં હોય તો તેમની નિકટની સગી જે બાયડી હોય તેણે રિપોર્ટ કરવો. સદરહુ જન્મ અને મરણ થયા પછી તેનો ૧૨ કલાકમાં



રિપોર્ટ કરવો; પણ છોકરીનું મરણ થાય તો એક કલાકમાં રિપોર્ટ કરવો જોઈએ; અને તાલુકાના અથવા કસ્બાના રજિસ્ટ્રારની લેખિત પરવાનગી સિવાય તે છોકરીને દાટવા અથવા બાળવા સારુ લઈ જવી નહીં.

વિવાહ બાબત : કન્યાનાં અને વરનાં માબાપે અથવા તેઓનાં નિકટનાં સગાંએ તે વર-કન્યાને તથા વિવાહના લેખની નકલ સાથે લઈ જઈને લેખ થયા પછી ૪૮ કલાકમાં રિપોર્ટ કરવો.

લગ્ન બાબત : વિવાહ પેઠે જ રિપોર્ટ કરવો.

નાતરા બાબત : વર કન્યાએ ૪૮ કલાકમાં રિપોર્ટ કરવો.

(૪) ઉપર કહેલાં માણસોએ સદરહુ જન્મ, મરણ, વિવાહ, લગ્ન અને નાતરાનો રિપોર્ટ કરતી વખતે નીચે કહેલી ફી આપવી :

વિવાહ બાબત	:	૧ રૂપિયો કન્યાનાં માબાપ પાસેથી લેવો.
		૧ રૂપિયો વરનાં માબાપ પાસેથી લેવો.
લગ્ન બાબત	:	૧ રૂપિયો વરનાં માબાપ પાસેથી લેવો.
નાતરા બાબત	:	૧ રૂપિયો વરની પાસેથી લેવો.

(૫) પોતાના કુટુંબના અથવા પોતાની નાતનાં માણસો પોતાના ઘરમાં અથવા પોતાના તાબામાં કેટલાં રહે છે અને તેઓની ઉંમર કેટલી છે અને તેઓમાં સ્ત્રીપુરુષ જાતનાં કેટલાં કેટલાં માણસો છે, એ વગેરે બાબતની જે ખબર સરકાર માગે તે ખબર ઉપરની નાતના દરેક શખ્સે સરકાર ફરમાવે તે માણસને અને સરકારે જે રીતે મંજૂર કરી હોય તે રીતે આપવી તે એ શખ્સનું કામ છે.

(૬) મામૂલ પ્રમાણે ઠરાવેલા પોલીસના ઍસ્ટાબ્લિશમેન્ટ કરતાં વધતું પોલીસ ફોર્સ અથવા કોઈ અમલદારો અથવા નોકરો સને ૧૮૭૦ના આઠમા ઍક્ટની ૨૦મી કલમની ઉજી રકમમાં કહેલાં કારણો સારુ રાખવાની જરૂર છે એવું સરકારની નજરમાં આવે તો, જે વર્ગનાં અથવા કુટુંબોનાં લોકોને સારુ અથવા માણસોને સારુ તે પોલીસ અમલદારો અથવા નોકરો રાખવા હોય તેઓની ઉપર, તે પોલીસ અમલદારોનો અને નોકરોનો પગાર સરકાર વખતે વખતે ઠરાવે તે પગારના રૂપિયાનો ફાળો નાખવાનો કલેક્ટરને અધિકાર છે અને તે ફાળો મહેસૂલની પેઠે કલેક્ટરે વસૂલ કરવો.

(૭) કડવા અને લેઉવા કણબીની નાતના લોકોમાં લગ્નનો અને તેને લગતી ક્રિયા અથવા રીત કરવાનો ખર્ચ, હેઠળ લખેલા પ્રમાણ મુજબ કરવો; બીજું કાંઈ આપવું-લેવું નહીં.

૧. કન્યાના બાપે વરના બાપને રૂ. ૧થી ૧૦૦ સુધી ચાંલ્લો આપવો; વધતો આપવો નહીં અને બેઉ પક્ષકારો ઠરાવે તે વખતે લગ્ન પહેલાં તે ચાંલ્લો આપવો.

૨. કન્યાના બાપે વરના બાપને લગ્નના વરઘોડાનાં નાળિયેરના રૂ. ૧થી ૧૦ સુધી આપવા; વધતા આપવા નહીં.

૩. કન્યાના બાપે લગ્નના વરઘોડા વખતે મોસાળાના રૂ. ૧થી ૧૦ સુધી આપવા; વધતા આપવા નહીં.

૪. ચૉરીમાં લગ્નની ક્રિયા થતી વખતે કન્યાના બાપે રૂ. ૧થી ૧૦ સુધી વરને છેડો-ઝલામણના આપવા; વધતા આપવા નહીં.

૫. છેડો-ઝલામણના બદલામાં વરના બાપે કન્યાને ઓઢણીના રૂ. ૧થી ૧૦ સુધી આપવા; વધતા આપવા નહીં.

૬. વરવહુ વિદાય થાય ત્યારે કન્યાના બાપે વરના બાપને મહીમાટલાના રૂ. ૧થી ૫ સુધી આપવા; વધતા આપવા નહીં.

૭. કન્યા સાસરે પહોંચે એટલે કન્યાના બાપે વરના બાપને પગેપયણાના રૂ. ૧થી ૫ સુધી આપવા; વધતા આપવા નહીં.



૮. વહુ પોતાના પિયર પાછી જાય ત્યારે તેના બાપે તેના વરના બાપને પુરતના રૂ. ૧થી ૧૦ સુધી આપવા; વધતા આપવા નહીં.

૯. વહુ પહેલા ખોળાનું છોકરું થયા પછી સાસરે પાછી આવે ત્યારે તેના બાપે લૂગડાં-ઘરેણાં (જેને જીઆણું કહે છે) વગેરેના રૂ. ૧થી ૧૧ સુધી આપવા; વધતા આપવા નહીં.

બ. મુજિબે હુકમ

(સહી) ફ્રાન્સિસ સ્ટુઅર્ટ મ્યાપમ્યાન સાહેબ બહાદુર ચીફ સેક્રેટરી

નિસ્બત સરકાર, એઓની સહી

(True Translation)

(sd.) Venayek Wassoodev

Oriental Translator of Government

આ પ્રમાણેના નિયમો સને ૧૮૭૧ની ૧૫મી એપ્રિલે ગવર્નમેન્ટ ગૅઝેટ-જનરલ ડિપાર્ટમેન્ટમાં જાહેર થયા. તેથી તે લગ્નસરા વખતે પુત્રીઓ પાછળ થતાં ખર્ચ કમી થયાં. પાસ થયેલા નિયમોમાં એક નિયમ એવો હતો કે, કોઈ છોકરી મરી જાય તો તેનું મરણ કુદરતી રીતે થયું છે કે તેનાં માતાપિતાની તેને ઉછેરવાની બેદરકારીથી થયું છે તેની ખાતરી તરીકે નજીકના પોલીસ અધિકારી અને રજિસ્ટ્રાર તપાસ કરી ફી લઈ લેખિત પરવાનગી આપે ત્યારે પછી તેને અવલમંજિલે પહોંચાડવી. આ નિયમથી મરણ પ્રસંગે મરનારના કુટુંબમાં, સગાંવહાલાંમાં અને સ્મશાને જવા આવેલ લાગતાં-વળગતાંમાં ભારે અગવડ અને બેદિલી ફેલાતી; ઉપરાંત મડદું ચૂંથાય તેથી પણ લોકોની ધાર્મિક લાગણી ઉશ્કેરાતી હતી. તે તકનો લાભ લઈ, જે લોકો પોતાના દીકરાની ભારે પુરત-પહેરામણી લેવાની લાંબા વખતથી હેવાવાળા હતા તેમણે ઉપરની વિટંબણા ટાળવાના બહાના નીચે અજ્ઞાન લોકોની સહીઓ લઈ, લગ્નમાં ચાંલ્લા-પુરત વગેરેનાં ખર્ચ ઘટાડવાના સરકારે મંજૂર કરેલા ઠરાવો વિરુદ્ધ એક અરજી કરી. એવી વારંવાર ઘણી અરજીઓ થઈ. તેથી નામદાર મુંબઈ સરકારે, એ ધારાઓ લોકપ્રિય થવામાં શંકાને લીધે, સને ૧૮૭૩ની ૨૯મી જુલાઈએ ગવર્નમેન્ટ રેઝોલ્યુશન નં. ૨૬૪૨થી કેટલોક મહત્ત્વનો ફેરફાર કરી મુલતવી રાખ્યા. ફરી જ્યારે સને ૧૮૮૦માં બીજા વિવાહ આવવા વખત નજીક આવ્યો ત્યારે રા. બ. શેઠ બહેચરદાસે (તા. ૩૧-૨-૧૮૭૯) એક વર્ષ અગાઉથી નામદાર મુંબઈ સરકારને અરજી કરી પ્રથમના નિયમો ફરીથી અમલમાં મૂકવા, ચાંલ્લા-પુરતની રકમ વધારેમાં વધારે રૂ. ૧૦૦ સુધી આંકવા, જન્મ-મરણની બિલકુલ ફી લીધા સિવાય નોંધ રાખવા, મરણ પ્રસંગે પોલીસ તરફથી થતી દરમિયાનગીરી બંધ કરાવવા અને લગ્નો ફરજિયાત રીતે રજિસ્ટ્રાર કરાવવાની માગણી કરી હતી. ઉપરાંત, તે અરજીમાં દર્શાવ્યું હતું કે, લગ્નખર્ચ ઘટાડવાના નિયમોથી ગરીબ લોકોને ઘણી રાહત મળી છે. તેવા નિયમોના યોગ્ય બંદોબસ્તની ગેરહાજરીમાં, એક વર્ષ પછી અમારા વિવાહ આવવાના છે તેમાં પરણનાર પુત્ર-પુત્રીઓનાં જે અત્યારથી સગપણ થાય છે તેમાં રૂ. ૯૦૦-૯૦૦ સુધી પુરત ચાંલ્લાના સાટાં થવા લાગ્યાં છે અને આ રકમ ઉપરાંત લગ્નનાં જમણોનું ખર્ચ તો જુદું. વળી, કમનસીબે હાલ રેશમ તથા તારકસબનો ધંધો પડી ભાગવાથી ઘણા કણબીઓની સ્થિતિ કઢંગી થઈ પડી છે. જેમના માથે લગ્નના આવા અસહ્ય ખર્ચનો બોજો છે તેવા અમદાવાદ તળમાં તથા આસપાસનાં પરાઓમાં થઈ લગભગ બે લાખ કણબી વસે છે, તેમના માથે આવી પડતાં આવાં ખર્ચથી હજુ બાળકીહત્યાઓ થવાની શંકા ટળી ગઈ નથી. માટે બાળકીઓના મરણ પ્રસંગે પોલીસ તરફથી વેઠવી પડતી અગવડને લઈને, ઉત્પન્ન થયેલ અસંતોષને લીધે જે નિયમો અસલ સ્વરૂપમાંથી મુલતવી રાખવામાં આવ્યા છે તે ફરીથી અમલમાં મૂકવાની જરૂર છે. ક્રમશઃ...

ક્રમશઃ...



અમૃત પટેલ
(નિવૃત વનઅધિકારી, ગાંધીનગર)



વિભાગ : ૩ પાટીદાર જ્ઞાતિ ઇતિહાસની અટારીએથી

વિરલ સંત : શ્રી રામદાસબાપુનું જીવનચરિત્ર

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



સંતશ્રી રામદાસબાપુ

સંવત ૧૯૬૩ની સાલ, કચ્છની પવિત્ર ભૂમિ – નખત્રાણાના નાના સરખા જીયાપર ગામે આજે કોઈ ધાર્મિક મેળાવડો ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે, ને કચ્છ કડવા પાટીદાર પછોરિયા પરિવારમાં પિતા પેથાભાઈ અને માતા હીરાબાઈના ઘરે 'બાળ રામજી'નું અવતરણ થયું છે. જાણ્યે-અજાણ્યે સર્વે લોકો ભાવિ સંતનો જન્મોત્સવ મનાવી રહ્યા છે.

લખુબાપા, અત્યંત ગરીબ પરિવારવાળા. તનતોડ મજૂરી કરે ત્યારે માંડ બે ટંકનું પૂરું થતું. પછોરિયાવાળી વાડી, પણ જમીન થોડીક, ને એય પાછી કસ વગરની. તેથી જ આ પરિવારને પછોરિયા કુટુંબ તરીકે ઓળખવામાં આવતું હતું. હજુયે દુઃખ જાણે ઓછું હોય તેમ રામજીની ઉંમર માત્ર ૩ વર્ષ ૫ માસની હતી ને સાધારણ માંદગીમાં પિતા પેથાભાઈનું અવસાન થયું. પરિવાર ઉપર તો જાણે આભ ફાટ્યું. બાળ રામજી પિતૃત્વની છત્રછાયા વિનાનો છોડ બન્યો. પણ રામજીને આ આઘાત સમજવાની ઉંમરેય ક્યાં હતી?

અધૂરામાં પૂરું દાદા લખુબાપા અને દાદી પૂરીમાએ વેવાઈને વહુ હીરાબાઈને તેમના ઘરે લઈ જવાની વિનંતી કરી. વેવાઈ આવ્યા, દિકરીને લઈ ગયા. સારું ઘર જોઈ જ્ઞાતિના રિવાજ મુજબ બીજે વળાવી દીધી. બાળ રામજી મા વિનાનો... ને હીરાબાઈ દીકરા વિનાની. કોણ કોને સમજે ? માતાને દીકરાને સાથે લઈ જવાની તીવ્ર ઈચ્છા હતી, પરંતુ દાદા-દાદીને રામજીમાં કુળદીપક દેખાતો હતો. એટલે જ પાસે રાખી ઉછેર કરવા લાગ્યાં.

હવે રામજી ખેતીમાં થાય તેવી મદદ કરવા લાગ્યો. ઢોરોને પાણી પાય, ચારો નાખે, કોસ હાંકે, ઘરનું ફળિયું વાળી નાખે, કચરો ઉકરડે નાખી આવે, પાણી ભરી લાવે વગેરે કામ કરતો થઈ ગયો. વળી, સવાર-સાંજ મંદિરમાં આરતી-સેવા-પૂજા વગેરેમાં રસ લેતો થયો. આમ, દિવસો પછી વરસો વીતવાં લાગ્યાં.

છ વર્ષે ગામની શાળામાં એક વર્ષ પૂરતું ભણવાનું પ્રાપ્ત થયું. એક જ વર્ષમાં અક્ષરજ્ઞાન મેળવી લીધું. વાંચતાં-લખતાં આવડી ગયું ને તેની લત લાગી. જે જીવનપર્યંત રહી. બારેક વર્ષની ઉંમર થતાં રામજી માટે દાદા-દાદીએ કન્યા શોધવાનું શરૂ કર્યું. જરાક શામળા રંગની એક દીકરી દીઠી, પણ ગુણિયલ લાગી. વાત ચલાવી ને લગ્ન પણ નક્કી થઈ ગયાં. જાન લઈને નખત્રાણા જવાનું હતું. ગરીબ ઘર એટલે કોઈ જાનમાં જવાય તૈયાર નહીં. પણ આ તો રામજી...! પોતાના લગ્નની તૈયારી પોતે જાતે જ કરવા માંડી. દાદા-દાદીથી થાય એમ હતું નહીં. એક સગાનું બળદગાડું માગી લાવ્યો. માગેલું હોય એ કેવું હોય ? ઘરડા બળદ ને ખખડધજ ગાડું. આવડ્યું એવું શણગાર્યું. થોડાંક ઓળખીતાંને જાનમાં સાથે લીધા. રસ્તા ખાડા-ટેકરાવાળા. ગાડું સરખું ચાલે નહીં. પડવાની બીકે ગાડાને પકડી રાખવું પડે. ડુંગરાળ ચડાવ-ઉતારવાળો રસ્તો આવ્યો. બળદ થાકી ગયાં, બેસી પડ્યાં. પૂંછડાં આમળીને ઊભા કરવા મથ્યા. પણ બળદનો શું વાંક ? ઊભા ન થયાં. જાનમાં આવેલા એક ભાઈ કંટાળ્યા. હાથમાં લાકડી લઈને બળદને મારવા ઊઠ્યા. પણ રામજીએ હાથ જોડી તેમને રોક્યા. ગાડું-બળદ ત્યાં જ મૂકી ચાલતાં ચાલતાં નખત્રાણા માંડવે પહોંચ્યા. ઘડિયાં લગ્ન લેવાયાં. પારાવાર મુશ્કેલીઓ, પણ મુખ ઉપર દુઃખની છાયા સુધ્ધાં નહીં, ને નહીં કોઈ ફરિયાદ. ઉપરથી ભગવાનનો પાડ માનવા લાગ્યા. પ્રભુ ! તારી કૃપાથી જ બધું હેમખેમ પાર પડી ગયું.

રામજીનો ગૃહાશ્રમ આરંભાયો. ઘરમાં ત્રણ હતા ને ચોથું જણ ઉમેરાયું. મુશ્કેલી વધી. કચ્છમાં કામ-ધંધા ઓછા થતા ગયા. એવામાં કૂવાનું પાણી મોળું થયું, ને પાક પણ ઓછો ઉતરવા લાગ્યો.

પરિસ્થિતિ વધુ કથળતી હતી. મરજી ન હોવા છતાં સંવત ૧૯૭૯માં લખુબાપાએ રામજીને ગુજરાતમાં ગઢકંપામાં ખેતીકામ માટે વરસોદી (નોકરી)એ મોકલ્યા. પછી ખેતી ભાગમાં ખેડવા રાખી. કચ્છથી પરિવારને તેડાવી લીધો. હીરાપુર-કંપામાં જમીન વેચાતી રાખી. ખૂબ જ મહેનત કરવા લાગ્યાં. પણ કરમની કઠણાઈ આવી. કંપામાં આગ લાગી. બધી જ ઘરવખરી બળી ગઈ. અધૂરામાં પૂરું તે વર્ષે હીમ પડ્યું. ગામમાં અને સીમમાં બધું જ બળી ગયું. પણ ભગવાન પર અડગ શ્રદ્ધા. એક બાજુ સંસારની જવાબદારી નિભાવતા હતા ને બીજી બાજુ અંતરની દિશા બદલાતી જતી હતી. 'કોઈ ગુરુ મળી જાય તો સારું' એમ મન ઝંખ્યા કરતું હતું.

નવરાત્રીના દિવસોમાં મિત્રોએ ભેગા મળી એક નાટક મંડળી સ્થાપેલી. નવેનવ દિવસ જુદા જુદા વેશ ભજવાતા. મુખ્ય ભૂમિકા રામજીભાઈ ભજવે. ધાર્મિક પાત્રો ભજવવાનું ખૂબ ગમે. એક વખત રાજા ભરથરીનું પાત્ર ભજવવાનું થયું. રાજા ભરથરીનો ત્યાગ અને વૈરાગ્યવાળું પાત્ર ભજવતાં ભજવતાં અંતરમાં વૈરાગ્ય ઊંડો ઉતરી ગયો. મનમાં એમ જ થયું કે, 'બાણું લાખ માળવાનો ધણી વૈરાગ્ય પામી રાજપાટ છોડી શકતો હોય તો હું તો સાવ પામર છું. મારે કેટલું છોડવાનું છે ?' મનમાં તોફાન ચાલ્યું... રાત્રે ઊંઘ ન આવે. મનની તરસ કેમ કરીને છીપાય ? એક રાત્રે ઘરમાં બધાં સૂતાં હતાં ને રામજીભાઈ ધ્યાનમાંથી ઊઠ્યા ને ચૂપચાપ હળવેકથી ઘર બહાર નીકળી ગયા, ને ઉપડ્યા ગિરનાર તરફ... ખિસ્સામાં કાણી કોડી પણ નહોતી. રસ્તામાં અનેક સંકટો પાર કરતાં પહોંચ્યા ગિરનાર.

અનેક ધ્યાની-જ્ઞાની સાધુ-સંતોની શોધ કરતાં કરતાં કોઈ એક તેજસ્વી સંતનાં દર્શન થયાં. સંતના ચહેરા પર દિવ્ય તેજ ચમકતું હતું. રામજીભાઈએ ભાવથી પ્રણામ કર્યા. આંખમાં આંસુડાંની ધાર સાથે ગદ્‌ગદ્ કંઠે શિષ્ય તરીકે સ્વીકારવા અરજ કરી. સંત યુવાનનું તેજ પારખી ગયા. ચહેરા પર અલખને પામવાની તાલાવેલી વાંચી. રામજીનો સાચો ભાવ જાગૃત થયો છે તે જાણી માથા પર હાથ મૂકી અંતરના આશીર્વાદ આપતાં કહ્યું કે, "તારા ગુરુ તો તને શોધતા આવશે. તું એ ગુરુની કૃપાથી મોટો સંત બની અનેકોનો ઉદ્ધારક બનીશ." રામજીભાઈના હૈયામાં ટાઢક થઈ. આશીર્વાદ લઈ ઘરે આવ્યા. કંઈ જ બન્યું નથી એમ ફરીથી પોતાના કામકાજમાં ગૂંથાઈ ગયા. પોતાને અક્ષરજ્ઞાન પ્રાપ્તિનો બહુ ઓછો અવસર મળ્યો હતો પરંતુ દીકરા-દીકરીઓના અક્ષરજ્ઞાન માટે સતત ચિંતા કરતા. બાળકોને કરકસર કરીને પણ ધોરણ ૧૨, બી.એસસી., એન્જિનિયરીંગ સુધીના અભ્યાસ કરાવ્યા. જેમ જેમ ઉંમર થતી ગઈ તેમ તેમ તેમને યોગ્ય જીવનસાથીની પસંદ કરી પરણાવ્યા.

રામજીભાઈની ઉંમર લગભગ બેતાળીશ વર્ષની થઈ હશે. દાદા-દાદી સુખરૂપે સ્વર્ગે સિધાવ્યાં હતાં. દાદા-દાદીએ એવું તે સુખ આપ્યું હતું કે સગાં માવતર પણ યાદ ન આવ્યાં. પરંતુ એક સવારે નજીકના એક સગાએ સમાચાર આપ્યા કે, "તારી માતા હીરાબાઈનું જીવન બહુ દુ:ખમાં પસાર થઈ રહ્યું છે. બિચારા બહુ દુ:ખી છે." આ વાત સાંભળી રામજીભાઈનું હૃદય કરુણાસભર માતૃત્વપ્રેમથી ઊભરાઈ ગયું. ધર્મપત્નીને આ વાત કરી. બંને નીકળી પડ્યા જનેતાને તેડવા. કોઈકે હીરાબાઈને ખબર આપી કે તમારો દીકરો આવ્યો છે. ઓગણચાળીસ વર્ષ પછી આજે માતા-પુત્રનું મિલન થઈ રહ્યું હતું. હીરાબાઈની દૃષ્ટિ ફરતી ફરતી રામજીભાઈ અને મરઘાં વહુ પર ઠરી. વર્ષોથી અંતરમાં ધરબાયેલ માતૃત્વ હિલોળે ચડ્યું. હર્ષની હેલી આવી... ને આંખમાંથી ગંગા-જમના વહી રહ્યાં. દીકરાને ચૂમીઓથી નવડાવી દીધો. અભૂતપૂર્વ પ્રસંગ... રામજીભાઈને એવો વિચાર પણ ન આવ્યો કે, 'સાવ નાના હતા ત્યારે ગરીબાઈમાં રઝળતાં મૂકી ચાલી ગયેલી માને શા માટે પાછી લાવવી ?' આખું જીવન ભલે જનેતાનું સુખ ન સાંપડ્યું, પણ હવે જનેતા આવશે ને તેની સેવાનો અવસર મળશે. કેવો કરુણામયી ભાવ !

પૂજ્ય હીરાબાને તેડી લાવ્યા પછી રામજીભાઈના જીવનમાં મોટો વળાંક આવ્યો. તન-મન સત્સંગ અને ભજન-કીર્તનમાં રમમાણ રહેવા લાગ્યું. ગિરનારના સંતની ભવિષ્યવાણી વાટ જોતી હતી. મનમાં પોકાર ઉઠતો હતો : 'ક્યારે ગુરુદર્શનનું સુખ મળશે ?' સંવત ૨૦૦૮ની સાલ, હીરાપુર-કંપામાં કોઈ લગ્નપ્રસંગે કચ્છમાંથી સંતો પધાર્યા હતા. ઉતારા મંદિરમાં હતા. સાંજના સમયે ગામના મુખી-મહારાજે સંદેશો કહેવડાવ્યો : 'કચ્છથી સંતો પધાર્યા છે અને આવતી કાલે પાછા કચ્છ જવા નીકળી જવાના છે.' સંદેશો મળ્યો ને રામજીભાઈનું મન વિરહની વેદનાની પાળ ઓળંગવાની તૈયારી કરવા લાગ્યું. મંદિરમાં આદ્યશક્તિમાતાની જ્યોતના આછા અજવાળામાં સંતને નિહાળ્યા. સંતની દૃષ્ટિ મળી ને જાણે ઝબકારો થયો ! જન્મ-જન્માંતરની સ્મૃતિઓ જાગી... જેમ ગાયને જોઈ વાછરડું દોડે તેમ દોડીને રામજીભાઈ સંતશ્રી હરજીવનદાસબાપુને ભેટી પડ્યા. રોમેરોમ આનંદ છવાઈ ગયો. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ગુરુએ કહ્યું, "હું તો તને ગોતવા આવ્યો'તો ને તું મને જડી ગયો." આ દિવસે 'રામજી'માંથી 'રામદાસ'માં રૂપાંતર થયું. પછી તો પૂજ્ય ગુરુ હરજીવનદાસબાપુ સાથે અવારનવાર સંપર્કમાં રહ્યા. કચ્છના 'ઘડુલી' ગામે ગુરુજીનું આમંત્રણ મળે કે તરત પહોંચી જતા. દર વર્ષે ત્રણ-ચાર માસ ગુરુજીના સાંનિધ્યમાં રહી તન-મનથી ગુરુજીની સેવા કરતા. પારસ બનવાનું

સદ્‌ભાગ્ય સાંપડ્યું. ગુરુજીએ આજ્ઞા કરી કે, ''કોઈ પ્રેમી સાધક તારી પાસે આવે તો તું દીક્ષા આપજે... જીવાત્માને શિવની સન્મુખ લાવવાનાં કામ કરજે... મારો તને આ આદેશ છે.'' પછી તો રામદાસ વધુ ને વધુ એકાંત-ધ્યાન-યોગમાં રહેવા લાગ્યા. હરતાંફરતાં નામસ્મરણ ચાલતું રહેતું. સત્સંગ-પૂજાનો વાયક આવે તો ઉમંગથી જતા. સંતવાણી ખૂબ જ પ્રેમથી ગાતા. સમયાંતરે ચંદ્રકાંત, જ્ઞાનેશ્વરી ગીતા, પ્રીતમની વાણી, સુંદરદાસના છંદ, ચિંતામણી, ઉપનિષદો, વેદો વગેરે શાસ્ત્રો વાંચતા – તેની નોંધ પણ કરતા.

સમય જતાં પરમ પૂજ્ય સંત શ્રી નથ્થુરામબાપા, પાવનધામ,વડાલી-કંપાનો મેળાપ થયો. તેમની સાથે સત્સંગ-કીર્તન-પૂજા વગેરેમાં સાથે રહી ધર્મપ્રચાર કરતા. સમાજને પંચશીલ ધર્મનો બોધ આપતા. ગુજરાત-કચ્છ વગેરે જગ્યાઓએ સત્સંગ – દશાવતાર કથા વગેરે કરતા. તેમના સાથે ઘણા અનુયાયીઓનું ભક્તમંડળ પણ સાથે રહેતું. હવે 'સંત' તરીકે ખૂબ જાણીતા બન્યા. ગુરુનું અપાર સામર્થ્ય પ્રાપ્ત કરી લીધું હતું. એકવાર કચ્છના ખેડોઈ-કોટડા ગામે પરમ પૂજ્ય રામદાસબાપુએ વ્યાસપીઠ શોભાવી, દશાવતાર કથાનું પારાયણ કરેલું. કથા દરમિયાન બધા દિવસ જમણવાર ચાલતો. રોજ જેટલું રાંધે એ બધું ખૂટી પડતું. ભાવિક ભક્તો તથા કાર્યકર્તાઓ પૂજ્ય બાપુ પાસે ગયા. પરિસ્થિતિની વાત કરી – ''કોઈ રસ્તો કરો, નહિતર કથા બંધ કરવી પડશે.'' પૂજ્ય રામદાસબાપુએ આજ્ઞા કરી તે મુજબ પોતે આગળ હાથમાં બેરખો લઈ ચાલ્યા, પાછળ દૂધની 'ધારાવાડી' કરવામાં આવી. પ્રદક્ષિણા પૂર્ણ કરતાં પૂજ્ય બાપુએ કહ્યું, ''તમે જે દરરોજ રસોઈ બનાવતા હો તેનાથી અડધી જ રસોઈ બનાવજો, જાવ નહીં ખૂટે.'' બધાના આશ્ચર્ય વચ્ચે અડધોઅડધ રસોઈ વધી. બાપાનો જયજયકાર થયો.

એકવાર અમદાવાદ – ભદ્રકાળી મંદિર પાસે 'સસ્તું સાહિત્ય'માં પુસ્તકો ખરીદવા પૂજ્ય બાપુ ગયા. ત્યાં એક ભાઈએ બાપાના ડાબા હાથે ફરતો બેરખો (માળા) જોઈને નમ્રતાથી પૂછ્યું, ''આપ તો સંત જેવા લાગો છો, પણ ડાબા હાથે માળા કેમ ફેરવો છો ?'' બાપાએ સુંદર જવાબ આપતાં કહ્યું, ''બેટા, માળા જમણા કે ડાબા હાથે ફરે તેમાં ફરક નથી પડતો. અમે તો ખેડૂતના દીકરા છીએ. વાવતેર ડાબા હાથે કરો કે જમણા હાથે કરીએ, તો પણ વાવેલું એકસરખું ઊગે છે.''

સંતશ્રી રામદાસબાપુ હંમેશાં કહેતા, ''ધર્મ-નીતિ-નિયમોમાં આળસ કરશો નહીં; મોડા પડો પણ મોળા (ઢીલા) પડતા નહીં.'' તેમનો પરિવાર અમેરિકા ધંધાર્થે ગયો હતો. ત્યાં એક પિતા તરીકે નહીં પણ એક સંત તરીકે ગયા અને પરિવારને ધર્મની જાગૃતિના પાઠ ભણાવ્યા. ભારતભરમાં તેમના હજારો અનુયાયીઓ અને ભક્તો તેમને ભાવપૂર્વક ગુરુસ્થાને પૂજે છે. તેમના મુખ્ય અનુયાયીઓમાં પૂજ્ય મહંત સ્વ. શ્રી જયરામદાસ મહારાજ, નિષ્કલંકી ધામ – નખત્રાણા, માતૃશ્રી જીવાં મા, સાધ્વી ગોમાં મા, મહંત શ્રી શિવરામદાસ મહારાજ, નાયાજી મહારાજ – સંસ્થાન) કુકસ – વડોદરા, મહંત શ્રી પ્રેમસ્વરૂપદાસ મહારાજ, (ગુરુકુળ વિદ્યાવિહાર, પ્રેરણાપીઠ – પીરાણા) (તેમના દીકરા) પૂજ્ય સંતશ્રી નારણબાપા, (મેત્રાલકંપા – ખેડબ્રહ્મા), મહંત શ્રી શાંતિપ્રિયદાસ મહારાજ, (નિષ્કલંકીધામ – નખત્રાણા), પૂજ્ય આચાર્ય આર. કે. પટેલ સાહેબ, (લક્ષ્મીપુરા, ભાણજીબાપા), શ્રી વીરજીબાપા, શ્રી મનજીબાપા, શ્રી નારણબાપા, શ્રી મનુમુખી, (કચ્છ), શ્રી હીરાભાઈ, દેવપર – (કચ્છ), સંતશ્રી મણીરામ દાસ, (મનસા ધ્યાન કેન્દ્ર, પ્રેરણાપીઠ – પીરાણા) વગેરે અનેકાનેક ભક્તો પૂજ્ય બાપુના ચીંધેલા માર્ગે આત્મકલ્યાણ, સમાજકલ્યાણ માટે ભક્તિયાત્રા દ્વારા ધર્મજાગૃતિનું ઉત્તમ કાર્ય કરી રહેલ છે.

હજારો ભક્તોના જીવન ઉદ્ધારક એવા દેવતુલ્ય સંત શ્રી રામદાસબાપુનું મૃત્યુ પણ મંગલમય બન્યું. તેમને અંતિમ પ્રયાણનો અણસાર આવી ગયો હતો. શિષ્યમંડળ તથા સ્નેહીજનોને સાથે રાખી પોતે પોતાનું સમાધિસ્થળ ફૂલવાડી – પ્રેરણાપીઠ પીરાણાની જગ્યામાં બનાવવાનું અગાઉથી જ નક્કી કરી રાખ્યું હતું. અંતિમ દિવસોમાં દહેગામ – પંચવટી ફાર્મ તેમના નિવાસસ્થાને પૂજ્ય બાપુ મૌન અવસ્થામાં – આત્મામાં લીન રહેતા. દિન-રાત એકાંતમાં એક જ આસન પર ધ્યાનમગ્ન રહ્યા. લગભગ ત્રીસ વર્ષ સુધી શરીર લાંબું કરીને સૂતા નહોતા. ચહેરો સદાય પ્રસન્ન. હાથમાં બેરખો ફરે ને અંતર્મુખી બની સહજ સમાધિ અવસ્થા પ્રાપ્ત કરી લીધી હતી. જાલંધર બંધ લગાવી, આજ્ઞાચક્રમાં સ્થિર બની ગયા. સંવત ૨૦૪૬ વૈશાખ સુદ એકમ તા.૨૫-૦૪-૧૯૯૦ના સાંજના સાત વાગ્યાના સુમારે બ્રહ્મનિષ્ઠ સંતે પોતાની ચૈતન્ય શક્તિ પરમતત્ત્વમાં સમાવી દીધી. તેજમાં તેજ ભળી ગયું. બીજા દિવસે સવારે અનેક ભક્તો-સંતોની હાજરીમાં ફૂલવાડી, પ્રેરણાપીઠ તીર્થધામ – પીરાણા ખાતે સંસ્થાના આચાર્ય શ્રી જગદ્‌ગુરુ શ્રી કરસનદાસ મહારાજના સાંનિધ્યમાં સંતના પાર્થિવ દેહને સમાધિસ્થ બેસાડી, ઘીની જ્યોત પ્રગટાવી, દીર્ઘ જયઘોષ સાથે સમાધિ દ્વાર બંધ કરવામાં આવ્યું. એક મહાન વિરલ સંતની 'મહાયાત્રા' વિરામ પામી.

બ્રહ્મલીન સંતશ્રી રામદાસબાપુના સમાધિ સ્થળે તેમના

શિષ્યમંડળે આરસનું શિખરબંધ સ્મૃતિમંદિર બંધાવ્યું છે. જ્યાં આજે અખંડ જ્યોતિ તેમના જીવનનો અમર સંદેશો આપતી પ્રગટી રહી છે.

સદાય જાગતી જગ્યા હંમેશાં ચેતનામય હોય છે. મલિન વિચારો – વિકારોવાળા માનવીઓને પરચા રૂપે ચેતવણી આપે છે. આવી જ ઘટના વર્ષ ૧૯૯૪ના માર્ચ માસમાં બની. તીર્થધામ પ્રેરણાપીઠ – પીરાણા ખાતે 'અખિલ ભારતીય સંત સમિતિ'નું પ્રથમ પાંચદિવસીય અધિવેશન યોજાઈ રહ્યું હતું. કેટલાક વિઘ્નસંતોષીઓ દ્વારા જે-તે જગ્યા પર અધિવેશન ન થાય તેવો સરકાર તરફથી સ્ટે લાવ્યા. મિલિટરી દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો. દરમિયાન ફૂલવાડી ખાતે પૂજ્ય રામદાસબાપુની સમાધિ-મંદિરના નિર્માણની પ્રક્રિયા ચાલુ હતી. સમાધિસ્થળ ઉપર મિલટરીના માણસો બૂટ-ચપ્પલ સાથે ગમેતેમ ફરતા હતા. રાત્રિના સમયે ત્યાં જ ખાટલા પર સૂઈ ગયા. સવારે ખાટલા સહિત મિલિટરીના માણસોને બહારની બાજુ ફેંકી દીધા હતા. ત્યાર પછી મિલિટરીના માણસોને પવિત્ર જગ્યાનો અહેસાસ થયો. એ સ્થળે પ્રગટ જ્યોતને પ્રણામ કરી, પ્રસાદ ધરાવી ભૂલની ક્ષમા માંગી.

પ્રવર્તમાન સમયમાં તેમનું બહોળું શિષ્યમંડળ (લગભગ ૧૧૦૦ ઉપરાંત શિષ્યો) ગુજરાત – કચ્છ વગેરે ખાતે 'સંતશ્રી રામદાસ બાપુ સેવા સમિતિ'ના નામે સમાજસેવા, સત્સંગ મેળાવડા, શિક્ષણ સંવર્ધન, વિવિધ સેવા કેમ્પો, ભોજનસેવા વગેરે કાર્યો કરી રહ્યું છે. સંતશ્રી રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલય, ખેડબ્રહ્મા અને સંતશ્રી રામજીબાપા શારદા વિદ્યામંદિર, વડાલી ખાતે તેમના શિષ્યોના આર્થિક સહયોગથી શ્રેષ્ઠ વિદ્યાદાન આપતી સંસ્થાઓ સુંદર રીતે ચાલી રહી છે. તદ્ઉપરાંત દર વર્ષે ચૈત્ર માસમાં 'રામનવમી'ના શુભ દિને શિષ્યબંધુ મિલન-સમારોહ, સત્સંગ, મહાપૂજાનું આયોજન શિષ્યમંડળ દ્વારા અવિરત ચાલુ છે. અષાઢી પૂનમે દર વર્ષે ગુરુપૂર્ણિમાના દિને પ્રેરણાપીઠ – 'પૂજ્ય રામદાસ બાપુ સ્મૃતિ મંદિરે' ગુરુપૂજન-અર્ચન-મહાપૂજા પૂજનીય સંતોના સાંનિધ્યમાં યોજાય છે. દર વર્ષે પૂજ્ય બાપુની સ્મૃતિમાં તેમના નિર્વાણદિન – વૈશાખ સુદ-૧ના રોજ પ્રેરણાપીઠ ખાતે ભવ્ય ભંડારાનું આયોજન પણ શિષ્યમંડળ દ્વારા કરવામાં આવે છે.

ભારતભરમાં ધાર્મિક – આધ્યાત્મિકતાની જ્યોતને સદાય પ્રગટાવી રાખનાર પૂજ્ય સંતશ્રી રામદાસબાપુ પ્રત્યક્ષ હાજર નથી પરંતુ તેમની ચેતના અજર છે, અમર છે, સર્વવ્યાપી છે. ભાવથી જે કોઈ બોલાવે – પૂજે તો આજે પણ તેઓ જવાબ આપે છે, આશીર્વાદ આપે છે. એવા દિવ્ય સંતના ચરણોમાં કોટિ કોટિ વંદન !

સંતશ્રી રામદાસબાપુ સ્મૃતિ મંદિર અને તેમના નામ સાથે જોડાયેલ હાઈસ્કૂલના ફોટા



સંત શ્રી રામદાસબાપુ સ્મૃતિ મંદિર, પ્રેરણાપીઠ, પીરાણા



સંત શ્રી રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલય, ખેડબ્રહ્મા



સંત શ્રી રામજીબાપા શારદા વિદ્યામંદિર, વડાલી



- શાંતિભાઈ જીવરામભાઈ પટેલ
(નવા રામપુરા કંપા, વડાલી)

પાટીદાર સુરાપુરા

કડવા પાટીદાર કાસુંદરા પરિવાર

(ગામ : ગણોદ, તા. ઉપલેટા, જિ. રાજકોટ)

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

કડવા પાટીદાર કાસુંદરા પરિવાર



(ગામ : ગણોદ, તા. ઉપલેટા, જિ. રાજકોટ)

સુરાપુરા બાપા : (૧) શ્રી અરજણબાપા પૂજાય છે.
(૨) શ્રી ગાંગજીબાપા પૂજાય છે.

રાજાશાહી વખતે ગણોદ ગામ એ સ્ટેટનું ગામ હતું. ભાદર નદીને કાંઠે વસેલું ગામ. આ ગામે કાસુંદરા કડવા પાટીદારની અટકમાં બે પાળીયાઓ તથા બે ખાંભીઓ તથા બે ફળાઓ પૂજાય છે.

ગણોદ ગામે એક વખત લૂંટારાઓ ગાયો લૂંટવા આવ્યા ત્યારે ગામમાં રીડીયો પડી કે, ‘‘લૂંટારાઓ ગાયો લૂંટી જાય છે.’’ ત્યારે ગણોદ ગામે કાસુંદરા પરિવારના શ્રી અરજણબાપા તથા ગાંગજી બાપા ગાયોના ધણને બચાવવા હાથમાં હથિયાર લઈ લૂંટારાઓ સામે ધીંગાણે ચડ્યા. છત્રીસે કરોડ રૂંવાડે શૂરવીરતા પ્રગટી ત્યારે ઝવેરચંદ મેઘાણીએ ‘ચારણકન્યા’ કાવ્ય રચ્યું તેમાં લખ્યું કે :

ગાયતણા રખેવાળા ઉઠે,
મૂછે વળ દેનારા ઉઠે,
માનું દૂધ પીનારા ઉઠે,
ખોંખારો ખાનારા ઉઠે,
બળકંદા બિરાદર ઉઠે !

આમ જબરું ધીંગાણું થયું. આમ, પાવન ભોમકા પર લોહી રેડાયું. લોહીની ધારાઓ વહેવા લાગી. લૂંટારાઓ અરજણબાપા અને ગાંગજીબાપાની શૂરવીરતા જોઈ ભાગ્યા અને અમુક લૂંટારાઓએ બંને બાપા ઉપર ઘાતક હુમલો કર્યો. બંને બાપાએ ઘણા ઘાઓ ઝિલ્યાં અને ગાયો બચાવી વીરગતિ પામ્યા. ગણોદ ગામે આજે પણ શૂરવીરતા સમા બંને બાપાના પાળિયાઓને કાસુંદરા પરિવારો પગે લાગી નૈવેદ્ય ધરે છે, પૂજન કરે છે. બાપાઓએ ગણોદ ગામને અને કાસુંદરા પરિવારને ઉજળું કર્યું. આવા શૌર્યવંતા નરો આ ધરતીમાં પાક્યા છે. બાપાનાં નૈવેદ્ય પરિવારો કાળીચૌદશે ચોખા, શ્રીફળ, તલવટનાં ધરવામાં આવે છે.

નોંધ :

(૧) ગણોદ ગામે પુંજાબાપાની ખાંભી પૂજાય છે અને બીજા કલાબાપાની ખાંભી પૂજાય છે. બાપા ઝાડ ઉપરથી પડેલા અને મરણ પામેલા.
(૨) માણાવદર પાસે પાજોદ ગામે બાપાનું ફળું પૂજાય છે.
(૩) કુતિયાણા પાસે ખાગેશ્રી ગામે બાપાનું ફળું પૂજાય છે.
(૪) ધ્રોલ પાસે ખારવા ગામે બાપાના પાળિયા પૂજાય છે. એક સાથે છ પાળિયા ઊભા છે.
(૫) પડધરી પાસે ઉકરડા ગામે શૂરાપૂરા બાપાને કાસુંદરા પરિવારો પૂજન કરે છે.

કાસુંદરા અટકમાં બે સંતો પૂજાય છે. બંને સંતોની સેવાઓ ચાલુ છે.

(૧) શ્રી અવધકિશોરજી મહારાજના બે આશ્રમો આવેલા છે :
૧. મોઢેરા ગામે તપોવન આશ્રમ
૨. મગુના ગામે આશ્રમ છે.
(સંપર્ક : ૯૪૨૬૫૮૩૩૦૮)

(૨) શ્રી અમૃતગિરિ મહારાજનો આશ્રમ બાબરા પાસે કીડી ગામે આવેલ છે.
(સંપર્ક : ૮૧૪૧૯૬૩૪૯૦)

પાટીદાર સુરાપુરા

કડવા પાટીદાર ગોધાસરા, બડોદરીયા, મોટેરીયા પરિવાર

(ગામ : બડોદર, તા. વંથલી, જિ. જૂનાગઢ)

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

કડવા પાટીદાર ગોધાસરા, બડોદરીયા, મોટેરીયા પરિવાર



(ગામ : બડોદર, તા. વંથલી, જિ. જૂનાગઢ)

શૂરાપૂરાબાપા શ્રી વશરામબાપા પૂજાય છે.
પૂર્વજો ઊંઝાથી નીકળીને સૌરાષ્ટ્રમાં આવ્યા.

આમ, ગોધાસરા, બડોદરીયા, મોટેરીયા પરિવારો કેશોદ પાસે ભંડુરી ગામે વસ્યા અને અમુક પરિવારો બડોદર ગામે વસેલા.

એક વખત બડોદર ગામે લૂંટારાઓ ગાયો લૂંટવા આવેલા ત્યારે બડોદર ગામમાં હાહાકાર મચી ગયો. 'બચાવો, બચાવો'ની બૂમો પડવા લાગી. ગાયો ભાંભરવા લાગી, ધૂળની ડમરીઓ ચડી. ગામના યુવાનો હાથમાં હથિયાર લઈ બહારવટિયાઓ સામે ધીંગાણે ચડ્યા. આવા ભયંકર ધીંગાણામાં બડોદરીયા કડવા પાટીદાર પરિવારના વશરામ બાપા પણ હાથમાં હથિયાર લઈ ગૌમાતાને બચાવવા – ગામ લૂંટાતું બચાવવા શૂરવીરતાથી ધીંગાણે ચડ્યા. જબરું ધીંગાણું જામ્યું. મારામારી-કાપાકાપી થઈ. લૂંટારાઓ વશરામબાપાની શૂરવીરતા જોઈને ભાગ્યા. અમુક લૂંટારાઓએ વશરામબાપા ઉપર જબરો હુમલો કર્યો. બાપાના શરીરે લોહીની ધારાઓ વહેવા લાગી. વશરામબાપાની સાથે એક ક્ષત્રિય દરબાર પણ ખૂબ મર્દાનગીથી લડતા વીરગતિ પામ્યા. આમ, બંનેના પાળિયા આજ પણ શૂરવીરતાની સાક્ષી સમા ઊભા છે.

ભૂપત કે ભડવીર જેનાં નેજાં કદી નમતાં નહીં,
એવા સબળ જેનાં શીર તારા ખોળે મંડાણાં માવડી.

આમ, ગૌમાતા માવડીને બચાવી વશરામબાપાએ અને ક્ષત્રિય દરબારે બડોદર ગામને અને તેમના પરિવારને ઉજળું કરી દીધું. ઈતિહાસને પાને આ અમરગાથા હજારો વર્ષે પણ બાપાના ગુણગાન ગાતી રહેશે. બડોદરીયા પરિવારો તથા ગોધાસરા પરિવારો અને મોટેરીયા પરિવારો બાપાને પગે લાગવા આવે છે અને બાપાના નૈવેદ્ય કાળી ચૌદશે ચોખાના ધરી નાળિયેર વધેરવામાં આવે છે.

બડોદરીયા પરિવારના એક બાપા રોટલે બહુમોટા હતા. આ બાપાની પેઢી મોટેરીયા અટકથી ઓળખાય છે. ગોંડલ તાલુકાના ગોમટા ગામે મોહનભાઈના ઘરમાં દેવાબાપાનાં ફળા પૂજાય છે અને એક દેવ બાપા ધોરાજી તાલુકાના મોટી વાવડી ગામે પ્રેમબાપાનું ફળું પૂજાય છે. આમ, ગોધાસરા, બડોદરીયા, મોટેરીયા બધા એક જ પરિવાર છે.

જે દી' વાર ચડી ગામની માથે,
તે દી' બુંગીયા વાગ્યાં ઢોલ રે;
તે દી' ખાંડાના ખેલ ખેલાણા,
તે દી' અમે આંહી ખોડાણા.
પૂજ્ય વશરામબાપાની જય હો.

દેવરાજભાઈ કરડાણી



વિભાગ : ૪ પાટીદાર સમાજના રત્નો

સાબર ડેરીના આદ્યસ્થાપક ભૂરાભાઈ ખોડીદાસ પટેલ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



શ્રી ભૂરાભાઈ પટેલ

સાબરકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકોની વિષમ પરિસ્થિતિ, ખાનગી વેપારીઓ અને સ્થાપિત હિતોની શોષણખોરીના દૂષણોમાંથી મુક્ત કરવા પ્રગતિશીલ ખેડૂત એવા 'ઘડકણ ગામના ગાંધી' એવા સ્વ. ભૂરાભાઈ ખોડીદાસ પટેલ જેઓએ સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોને સહકારના ફળ ચખાડી દૂધના વ્યવસાયનું સહકારી પદ્ધતિએ દૂધ ઉત્પાદકોના ઉત્કર્ષનું સ્વપ્ન સેવ્યું અને તેને મૂર્તિમંત કરવા આજીવન અથાગ પરિશ્રમ પણ કર્યો. શ્રી ભૂરાભાઈ પટેલમાં પશુપાલનના પ્રશ્નો સમજવાની અદ્‌ભુત કાર્યશક્તિ હતી એટલું જ નહીં, મર્યાદિત ભણતર હોવા છતાં આગવી કોઠાસૂઝ, વ્યવહારિકતા, વહીવટીય જ્ઞાન-શક્તિ અને વેપારી કુનેહના ગુણોને લીધે દૂધ ઉત્પાદકોના કલ્યાણ માટે ઉત્સાહભેર ઝુંબેશ ઉપાડી, જિલ્લાના ગામેગામ ખુંદી વળી સહકારનો મંત્ર પહોંચાડ્યો અને સહકારી સંગઠન રચવાની વ્યવસ્થા ગોઠવી જેને ખેડૂતોએ ઉત્સાહભેર વધાવી લીધું.

જન્મે અને કર્મે ભૂરાકાકા ખેડૂત રહ્યા. જ્ઞાતિએ કડવા પાટીદાર ખેડૂત અને ખેતીના પ્રશ્નો એ તેમનો મુખ્ય અભ્યાસ રહ્યો છે અને ખેડૂતો ખુમારી રાખીને, ઊંચું માથું રાખી, પોતાની ખેતીનો વિકાસ કરી, ઉચ્ચતર જીવન જીવતા થાય તે બાબતમાં હંમેશાં પ્રયત્નશીલ રહી ખેડૂતોના સાચા અર્થમાં મિત્ર અને હિતચિંતક હતા. 'ખેતીનો ધંધો એટલે એકમાંથી અનેકગણું પેદા કરી શકાય.' એવા તેઓના શબ્દો ગામની જમીનનું એકત્રીકરણ કરી, ખેડૂતની જમીનનું એકત્રીકરણ કરી, ખેડૂતને જમીન ઉપર રહેતા કરવાનો સફળ પ્રયોગ કરી બતાવી, તે દિશામાં અનેક ખેડૂતોને વાળીને ખેડૂતોને પણ ઉચ્ચતર જીવન જીવતા કર્યા છે. સાબર ડેરી ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ તેઓએ કૃષિ વિકાસ માટેની વિવિધ સંસ્થાઓ જેવી કે ઘડકણ ગ્રામ પંચાયત, ગુજરાત ચેમ્બર્સ ઑફ ઍગ્રીકલ્ચર, સેવા સહકારી મંડળી, સહકારી ઑઈલ મીલ, અજોડ ડેરી (અમદાવાદ), સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બૅન્ક, સરદાર પટેલ ભૂમિવિકાસ ટ્યૂબવેલ સહકારી મંડળી, ફળો અને શાકભાજી ઉત્પાદકોનું મંડળ જેવી સંસ્થાઓમાં સભ્ય તરીકે અથવા હોદ્દેદાર તરીકે રહી સેવાઓ આપી છે, એટલું જ નહિ પરંતુ તેમાં સક્રિય બની તેના સંચાલનમાં વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડ્યું છે. ખેડૂત અને ખેતીના પ્રશ્નોનો સતત અભ્યાસ અને કર્તવ્યનિષ્ઠા સાથે સમાજસેવા એ તેમના સ્વાભાવિક ગુણો હતા. તેમના જીવનમાં આરામ જેવો શબ્દ રાખ્યો જ નહોતો અને પ્રવૃત્તિશીલ સતત સક્રિય આજની યુવા પેઢી માટે પ્રોત્સાહનરૂપ બની રહ્યા છે. ખેડૂતોના હિતનું રક્ષણ કરવા માટે તેઓએ કરેલ કાર્યોની સુવાસ આજે માત્ર સાબરકાંઠા જિલ્લામાં જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતમાં દરેક ખેડૂતના ઘર સુધી પહોંચી છે. તેઓની નિષ્ઠાપૂર્વક કરેલ સેવાઓનું વર્ણન કરવા માટે શબ્દો પણ ઓછા પડે. સહકારી, સામાજિક અને કેળવણી ક્ષેત્રની તેઓની સેવાપ્રવૃત્તિની સફળતામાં તેઓના ધર્મપત્ની સૌ. હીરાબેનનું યોગદાન અને ત્યાગ મહત્ત્વનાં રહ્યાં છે. સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરવા અને તેને કાર્યક્ષમ રીતે ચલાવવામાં તેમની નિષ્ઠા અને વફાદારી, નિરાભિમાનીપણું તેમજ નિરાડંબરીપણું, સહૃદયતા અને ખેડૂત પ્રત્યેની હમદર્દી તેમજ નાનામાં નાના માણસ પ્રત્યે માનવતાનો અભિગમ તેમના વિશિષ્ટ ગુણો હતા.

'અમૂલ'ના પગલે પગલે સુરત જિલ્લામાં ૧૯૫૧માં 'સુરત જિલ્લા સહકારી દૂધ-ઉત્પાદક સંઘ' (સુમુલ ડેરી)ની સ્થાપના થઈ. ત્યારબાદ ૧૯૫૭-૫૮માં 'વડોદરા જિલ્લા સહકારી દૂધ-ઉત્પાદક સંઘ' (બરોડા ડેરી)ની સ્થાપના થઈ. ત્યાર બાદ 'મહેસાણા જિલ્લા સહકારી દૂધ-ઉત્પાદક સંઘ લિ.' (દૂધસાગર ડેરી)ની સ્થાપના ૧૯૬૦માં થઈ. 'બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ-ઉત્પાદક સંઘ લિ.' (બનાસ ડેરી)ની સ્થાપના તા. ૧૦-૩-૧૯૬૬ના રોજ થઈ. ત્યારબાદ ઉપરોક્ત ડેરીઓના પગલે પગલે 'સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ-ઉત્પાદક સંઘ' (સાબર ડેરી)ની સ્થાપના તા. ૨૭-૧૧-૧૯૬૪ના રોજ થઈ. ૧૯૬૦ના દશકમાં ખાનગી વેપારીઓ અને સ્થાપિત હિતોની

શોષણખોરીનાં દૂષણોથી સાબરકાંઠા જિલ્લો બાકાત નહોતો. તે સમયે પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી ભૂરાભાઈ પટેલના હૈયામાં આ અંગે મનોમંથન ચાલ્યું અને જિલ્લાના દૂધ-ઉત્પાદકોને સહકારી ભાવનાનાં ફળ ચખાડી, તે જ માર્ગે તેમનો ઉત્કર્ષ કરવાનું સ્વપ્ન સેવ્યું. તેમની કોઠાસૂઝ, તેમની વ્યવહારુ હૈયા-ઉકલતો, તેમની અદ્‌ભુત કાર્યશક્તિ અને વહીવટી કોઠાસૂઝના પરિણામે ખેડૂતોના ઉત્કર્ષ માટે તેમને હોંશ જાગી. જિલ્લાના ખેડૂતોને શોષણમાંથી બહાર લાવવાની તેમણે નેમ લીધી. તા. ૨૯-૧૦-૧૯૬૫ (લાભપાંચમ)ના દિવસે સાબરકાંઠાના ખેડૂતો માટે નવી દિશાનાં દ્વાર ખુલ્લાં થયાં. તે વખતના સાબરકાંઠા જિલ્લા પંચાયત અધ્યક્ષ શ્રી ગોપાલભાઈ પટેલ, જિલ્લા સહકારી બૅન્કના અધ્યક્ષ શ્રી અંબુભાઈ પટેલ અને 'સાબર ડેરી'ના આદ્યસ્થાપક શ્રી ભૂરાભાઈ પટેલ — એમ ત્રણેય સંનિષ્ઠ સહકારી કાર્યકરોના સમન્વય અને સહયોગથી પ્રાંતીજ તાલુકાની ૧૯ દૂધમંડળીઓના સહયોગથી 'સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ-ઉત્પાદક સંઘ'ની સ્થાપના કરવામાં આવી અને આ ૧૯ દૂધમંડળીઓ દ્વારા દરરોજ ૫૧૦૦ લિટર દૂધ એકત્ર કરી અમદાવાદ મ્યુનિસિપલ ડેરીમાં મોકલવાની વ્યવસ્થા ગોઠવી. અમદાવાદ મ્યુનિસિપલ ડેરીની નીતિ અનુકૂળ ન હતી અને ખેડૂતોના માથે અનિશ્ચિતતા રહેતી હતી. ચોમાસામાં અને શિયાળામાં દૂધનું ઉત્પાદન વધે ત્યારે મ્યુનિસિપલ ડેરી વધુ દૂધ સ્વીકારવાની ના પાડે અને વધારાના દૂધનો નિકાલ કરવા માટેનો પ્રશ્ન સહુને મૂંઝવતો. એટલું જ નહિ પરંતુ દૂધ-ઉત્પાદકોમાં હતાશા પ્રવર્તતી. સહુ ખેડૂતોની એક જ માંગ હતી કે, વધારાના દૂધને પહોંચી વળવા ચોક્કસ પ્રકારનું આયોજન કરો.

વર્ષ ૧૯૭૦માં સાબરકાંઠાના સંસદસભ્ય શ્રી સી. સી. દેસાઈ તથા 'રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ'ના અધ્યક્ષ, શ્વેતક્રાંતિના પ્રણેતા અને સ્વપ્નદૃષ્ટા ડૉ. કુરિયન સાહેબની ખેડૂતો પ્રત્યેની હમદર્દી અને તેમને મદદરૂપ થવાની ખેવનાના પરિણામે જિલ્લાની સહકારી ધોરણે ડેરી ઉદ્યોગના વિકાસ માટે 'ઑપરેશન ફ્લડ-૧' યોજના હેઠળ 'ઈન્ડિયન ડેરી કૉર્પોરેશન દ્વારા અદ્યતન પ્લાન્ટ નાખવા માટે રૂા. ૨.૫૨ કરોડની મદદ મળી. તેના થકી દૈનિક ૧.૫ લાખ લિટર ક્ષમતાનો પ્લાન્ટ નાખવા હાલના સાબર ડેરીના સ્થળે ૪૦ એકર જમીન ખરીદવામાં આવી અને તા. ૧૧-૦૬-૧૯૭૧ના રોજ મુઠ્ઠી ઊંચેરા માનવી પૂજ્ય રવિશંકર મહારાજના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું અને દાદાના આશીર્વાદ આજે તમામ ખેડૂતોને ફળ્યા છે જે આજે ડેરીના વિકાસની ક્ષિતિજોના વિસ્તાર થકી ખેડૂતો અનુભવી રહ્યા છે. આ દૈનિક ૧.૫ લાખ લિટર ક્ષમતાના પ્લાન્ટ ઑગસ્ટ-૧૯૭૪માં ભૂરાકાકાના હસ્તે ચાલુ કરવામાં આવ્યો અને શ્રદ્ધા અને સહકારથી ઉત્તરોત્તર વિકાસકૂચ આગળ ધપાવતા ગયા તેમ તેમ સહુના હૈયામાં શ્વેતક્રાંતિના લાભ ઉઠાવવાની તમન્ના જાગી. ભૂરાકાકાની રાહબરી હેઠળ જિલ્લાના ગામેગામ દૂધમંડળીઓની રચના માટે સઘન પ્રયત્નો શરૂ થયા જેથી ડેરી પ્લાન્ટને જરૂરી દૂધનો પુરવઠો મળી રહે તે માટે રાત-દિવસ સતત પ્રયત્નશીલ રહેતા. ત્યારબાદ જિલ્લાના દૂરના અને આદિવાસી વિસ્તારમાં પણ દૂધમંડળીઓની રચના કરવાથી લાંબા અંતરના કારણે દૂધ બગડી કે ખાટું ન થાય એ માટે શીતકેન્દ્રો ઊભાં કરવાનું નક્કી કરવામાં આવ્યું અને દૂધની આવક વધતાં 'ઑપરેશન ફ્લડ-૨' યોજના હેઠળ દૈનિક ૪ લાખ લિટર ક્ષમતાનો પ્લાન્ટ નાખવા રૂા. ૬.૧૩ કરોડના ખર્ચે વિસ્તૃતીકરણ થયું અને જ્યારે જ્યારે જરૂર જણાઈ તે મુજબ વિસ્તૃતીકરણ કરતા રહ્યા.

દૂધમંડળીઓની રચનાની સાથે સાથે દૂધની ગુણવત્તા અને ઉત્પાદન જળવાઈ રહે તે હેતુથી પશુઓને પોષણયુક્ત ગુણવત્તાસભર પશુઆહાર નિયમિત મળી રહે એ માટે તા. ૧૭-૧૨-૧૯૭૩ના રોજ 'સાબરદાણ' ફૅક્ટરીનું શિલારોપણ ચૅરમેન શ્રી ભૂરાભાઈ પટેલના હસ્તે થયું અને તા. ૧૫-૦૯-૧૯૭૬ના રોજ આ પ્લાન્ટ કામ કરતો થઈ ગયો. રૂા. ૬૩ લાખના ખર્ચે દરરોજ ૧૦૦ ટન સાબરદાણ બનાવી શકાય તેવી ક્ષમતાવાળું કારખાનું ડેરીએ તૈયાર કર્યું જેના દ્વારા 'નહીં નફો નહીં નુકસાન'ના ધોરણે દૂધ-ઉત્પાદકોના ઘર સુધી સાબરદાણનું વિતરણ કરવાનું ચાલુ કર્યું. એ જ રીતે વર્ષ-૧૯૭૬માં ભૂરાકાકાના સાંનિધ્યમાં ધનસુરા શીતકેન્દ્ર ચાલુ કરવામાં આવેલ. આમ, સાબરકાંઠા જિલ્લામાં સહકારી ધોરણે ડેરી ઉદ્યોગને સંગીન બનાવવામાં ભૂરાકાકાના નેતૃત્વએ મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

'સાબર ડેરી'ની સ્થાપનાથી શ્રી ભૂરાભાઈ પટેલ જેવા પ્રગતિશીલ ખેડૂતની નેતાગીરી ડેરી ઉદ્યોગને વ્યવસ્થિત કરવામાં ખૂબ જ ઉપકારક નીવડી. તેમની કોઠાસૂઝ અને કાર્યશક્તિને લીધે ગામેગામ ફરી દૂધ-ઉત્પાદકોને સહકારી ડેરી ઉદ્યોગના લાભાલાભો સમજાવી, સહકારી ધોરણે ગામેગામ દૂધમંડળીઓ રચવા, તેમને પ્રેરણા આપી અને દૂધ-ઉત્પાદકોએ પણ પ્રતિસાદ આપી સહકારી ધોરણે ગ્રામ્યકક્ષાએ સંગઠન ઊભાં કર્યાં. ડેરીના સંચાલનમાં પણ તેમણે તંદુરસ્ત પ્રણાલિકાઓ પાડી, કાર્યક્ષમ વહીવટ ગોઠવાય તેવી વ્યવસ્થા ગોઠવી જેનાં મીઠાં ફળ દૂધ-ઉત્પાદકો ચાખી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં સહકારી ધોરણે ડેરી ઉદ્યોગને સંગીન બનાવવામાં સ્વ. ભૂરાકાકાનું આગવું અને અવિસ્મરણીય યોગદાન ગ્રામીણ ખેડૂત પરિવારો માટે આજે વિકાસનું એક કેન્દ્રબિંદુ બન્યું છે. તેઓના વિરાટ વ્યક્તિત્વની છબી સાબરકાંઠા જિલ્લાના નાના, સીમાંત, જમીનવિહોણા અને મહિલા ઉત્પાદકોનાં હૃદયમાં હંમેશાં અકબંધ રહેશે અને તેઓના આશીર્વાદથી તેમના વિકાસના પથ પર સતત કાર્ય કરીએ એ જ એમને આપેલી સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે.

સાબરકાંઠા જિલ્લામાં સહકારી ધોરણે ડેરી ઉદ્યોગને સંગીન બનાવવામાં જિલ્લાની સહકારી ક્ષેત્રની નેતાગીરીએ મહત્ત્વનું પ્રદાન

કર્યું છે. તેમાં પણ 'સાબર ડેરી'ના સ્થાપક પ્રમુખ શ્રી ભૂરાભાઈ પટેલ કે જેમનું ભણતર ઘણું ઓછું હોવા છતાં, એક પ્રગતિશીલ ખેડૂત તરીકે તેમની આગવી કોઠાસૂઝ અને વ્યવહારુ ઉકેલની અદ્‌ભુત કાર્યશક્તિ અને વ્યવસ્થાશક્તિ દાદ માંગી લે તેવી છે. તેઓના તેમજ જિલ્લાના સહકારી કાર્યકરોના સંનિષ્ઠ પ્રયાસોથી સહકારી ડેરી ઉદ્યોગનાં મૂળ જિલ્લામાં ઘણા ઊંડા ગયાં છે અને આજે તે વિશાળ વટવૃક્ષ બની ગયું છે. બહારની તાકાત સહકારી ડેરી ઉદ્યોગની આ ઈમારતને નબળી પાડે કે તોડી શકે તેમ નથી પરંતુ હજુ પણ સંગીન પાયા પર મુકાશે જેમાં મને શંકા નથી. જિલ્લાની નેતાગીરીની સમર્પણની ભાવનાની સાથે જિલ્લાના દૂધ-ઉત્પાદક ખેડૂતોની વફાદારી, વિશ્વાસ, સૂઝ અને સમજ આ ઈમારતના પાયામાં રહેલા છે, જે તેની સંગીનતા માટે કારણભૂત છે. આ દૂધ મંડળીઓ તેમજ સંઘનું સંચાલન જિલ્લાના દૂધ-ઉત્પાદકોએ ચૂંટેલા તેમના જ પ્રતિનિધિઓ મારફત થઈ રહેલ છે અને સાચા અર્થમાં આ સંસ્થાના સભાસદ છે અને તેનું સંચાલન અને નિયંત્રણ પણ તેઓ જ કરે છે, જે સાચા અર્થમાં લોકશાહી પદ્ધતિ છે.

આજેય તેઓ જિલ્લાના સહકારી કાર્યકરો અને ખેડૂતોના પ્રેરણામૂર્તિ બની રહ્યા છે. તેમણે ચીંધેલ રસ્તે આપણે આગળ વધીએ એ આપણા સૌ માટે જરૂરી છે.

આપે શરૂ કરેલ સહકારી ડેરી ઉદ્યોગને શરૂઆતથી જ શ્વેતક્રાંતિના પ્રણેતા અને સ્વપ્નદ્રષ્ટા, સંનિષ્ઠ સહકારી કાર્યકર અને અમૂલ ડેરી, આણંદના અધ્યક્ષ શ્રી ત્રિભુવનદાસ કે. પટેલ અને ડેરી વિજ્ઞાનના નિષ્ણાત એવા ડૉ. વી. કુરિયનના સંપર્કમાં આવવાનો પ્રસંગ બન્યો. આ બંને મહાનુભાવોએ સાબરકાંઠા જિલ્લાના ખેડૂતો પ્રત્યે હમદર્દી બતાવી. આપે ઉપાડેલ સાહસમાં મદદરૂપ થવા તૈયારી બતાવી. જેના પરિણામે જિલ્લાના ગામોમાં આણંદ પદ્ધતિએ સહકારી દૂધ મંડળીઓ સ્થાપવાનો કાર્યક્રમ શરૂ થયો. અમને કહેતાં આનંદ થાય છે કે, ૧૯૬૪માં આપે સહકારી ડેરી ઉદ્યોગનું બીજ રોપેલું તે આજે વટવૃક્ષ બની, જિલ્લામાં સભાસદો અને દૂધ-ઉત્પાદકો પાસેથી દરરોજનું લગભગ ચાર લિટર જેટલું દૂધ 'સાબર ડેરી' એકત્ર કરે છે. આ આંકડા સાંભળતાં અમારા સહુનાં હૈયાં પુલકિત થાય છે.

જિલ્લાના દૂધ-ઉત્પાદકો માટે આપે માત્ર 'સાબર ડેરી'ની સ્થાપના કરીને સંતોષ માણ્યો નથી પરંતુ આપનું લક્ષ તેમજ ધ્યેયને સિદ્ધ કરવા માટેનાં સાધનો શુદ્ધ રાખી, પ્રગતિશીલ નીતિ અને વ્યવહારૂ અભિગમ અપનાવી, ડેરીનું વખતોવખત વિસ્તૃતીકરણ તેમજ તેની આનુષંગિક અન્ય પ્રવૃત્તિઓ જેવી કે પશુદાણ ફૅક્ટરીની સ્થાપના, પાવડર પ્લાન્ટ, શીતકેન્દ્ર, પશુસંવર્ધન, પશુસારવાર માટેની વૈજ્ઞાનિક સગવડો તેમજ જરૂરી સુવિધાઓ ઊભી કરી, દૂધ-ઉત્પાદકો વૈજ્ઞાનિક પદ્ધતિના લાભો મેળવી, પશુપાલનના વ્યવસાયને વિકસાવી, દૂધનું ઉત્પાદન વધારતા જાય અને ડેરી મારફતે તેના સારા ભાવો મેળવતા જાય અને તેઓ તે બાબતમાં નિશ્ચિત બને તેવું માળખું ઊભું કર્યું, જેના સીધા લાભાર્થીઓ આજે જિલ્લાના દૂધ-ઉત્પાદકો બની રહ્યાં છે.

ખેડૂત અને ખેતીના વિકાસમાં આપે આપેલ સેવાઓ; સહકારી, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરવા અને કાર્યક્ષમ રીતે ચલાવવામાં આપની નિષ્ઠા અને વફાદારી, આપનું નિરભિમાનીપણું તેમજ નિરાડંબરીપણું, સહૃદયતા અને ખેડૂતો પ્રત્યેની હમદર્દી તેમજ નાનામાં નાના માણસ પ્રત્યે માનવતાનો અભિગમ – આપના આ ગુણોને અમે હંમેશાં યાદ કરી, આપના પ્રત્યેનું અમારું ઋણાનુબંધ હંમેશાં યાદ કરીશું.

ભૂરાભાઈ પટેલની સાબર ડેરીમાં મૂકાયેલ પ્રતિમા અને સાબર ડેરીના ફોટા



ભૂરાભાઈ પટેલની સાબરડેરીમાં મૂકાયેલ પ્રતિમા



સાબરડેરી, હિંમતનગર

(સાબર ડેરીના સૌજન્યથી)

શું તમે સ્ટેન્ટ મૂકાવ્યો છે ? તો આ જરૂર જાણો.

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

હાર્ટ ઍટેક આવવાની સંભાવના ઊભી થાય કે હાર્ટ ઍટેક આવે ત્યારે તરત જ એન્જિયોગ્રાફી કરાવવામાં આવે છે અને એમાં હૃદયને લોહી પહોંચાડતી કોરોનરી આર્ટરીઓમાં જો અવરોધ આવી જાય તો તેમાં એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવતી હોય છે અને આર્ટરીની શાખામાં સ્ટેન્ટ મૂકવામાં આવે છે.

અહીં આપણે એ જોવા જઈ રહ્યા છીએ કે કોરોનરી સ્ટેન્ટ મુકાવ્યા બાદ જીવનભર શું કાળજી લેવી અને કઈ તપાસ ક્યારે કરાવવી જરૂરી છે. કોરોનરી સ્ટેન્ટ મૂકવાથી હૃદયની ધમનીમાં લોહીનો પ્રવાહ પુનઃસ્થાપિત થાય છે પરંતુ હૃદયરોગનાં મૂળભૂત જોખમી પરિબળોને નિયંત્રિત કરવા અને સ્ટેન્ટને લાંબા સમય સુધી કાર્યરત રાખવા માટે જીવનશૈલીમાં ફેરફાર અને નિયમિત તબીબી દેખરેખ જરૂરી છે.

- **જીવનભર રાખવાની કાળજી :** સ્ટેન્ટની સફળતા અને હૃદયના લાંબા ગાળાનાં સ્વાસ્થ્ય માટે આ સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ છે.

૧. દવાઓનું નિયમિત સેવન

એન્ટી-પ્લેટલેટ દવાઓ : ડૉક્ટર દ્વારા સૂચવવામાં આવેલી એન્ટી-પ્લેટલેટ દવાઓ (જેમકે એસ્પિરિન અને બીજી કોઈ દવા) સમયસર અને નિયમિત લેવી અત્યંત જરૂરી છે. આ માટેની બ્રિલિંટા જેવી દવાઓ સ્ટેન્ટમાં લોહીનો ગઠ્ઠો જામતો અટકાવે છે. આ દવાઓ સામાન્ય રીતે ડૉક્ટરની સલાહ મુજબ અમુક સમય (મોટે ભાગે ઓછામાં ઓછા ૬ થી ૧૨ મહિના, અથવા વધુ) માટે લેવાની હોય છે પરંતુ એસ્પિરિન જેવી દવાઓ જીવનભર લેવાની હોય છે.

અન્ય દવાઓ : કોલેસ્ટ્રોલ ઘટાડવા માટેની સ્ટેટિન દવાઓ, બ્લડપ્રેશર માટેની દવાઓ અને ડાયાબિટીસની દવાઓ પણ ડૉક્ટરની સલાહ મુજબ નિયમિત લેતા રહો.

૨. આહારમાં ફેરફાર

હૃદય-સ્વાસ્થ્યવર્ધક આહાર : ફળો, શાકભાજી, આખા અનાજ અને ઓછી ચરબીવાળાં પ્રોટીન (જેમ કે માછલી અને ચિકન)નો સમાવેશ કરો.

વર્જ્ય ખોરાક : તળેલા ખોરાક, પ્રૉસેસ્ડ ફૂડ, વધુ પડતું મીઠું, વધુ પડતી ખાંડવાળાં પીણાં અને ચરબીયુક્ત લાલ માંસ ટાળો.

નમક પર નિયંત્રણ : હાઈ બ્લડપ્રેશર ઘટાડવા માટે નમક(સોડિયમ)નું સેવન મર્યાદિત કરો.

૩. નિયમિત શારીરિક પ્રવૃત્તિ (કસરત)

પ્રારંભિક તબક્કો : ક્યારે કસરત શરૂ કરવી અને કેટલી કરવી, તે વિશે તમારા કાર્ડિયોલોજિસ્ટની સલાહ લો. શરૂઆતમાં ઓછી તીવ્રતાની કસરત કરો.

નિયમિત કસરત : દર અઠવાડિયે ઓછામાં ઓછી ૧૫૦ મિનિટ મધ્યમ તીવ્રતાની ઍરોબિક કસરત (જેમકે ઝડપી ચાલવું, સાઇકલ ચલાવવી કે તરવું) કરવાનો લક્ષ્યાંક રાખો.

૪. ધૂમ્રપાન અને આલ્કોહોલ

ધૂમ્રપાન : ધૂમ્રપાન (તમાકુ, બીડી, સિગારેટ) સંપૂર્ણપણે બંધ કરવું. ધૂમ્રપાન સ્ટેન્ટમાં ગઠ્ઠો થવાનું અને અન્ય ધમનીઓમાં નવું બ્લૉકેજ થવાનું જોખમ અનેકગણું વધારી દે છે.

આલ્કોહોલ : આલ્કોહોલનું સેવન મર્યાદિત કરવું અથવા ટાળવું.

૫. વજન નિયંત્રણ

તમારા બૉડી માસ ઇન્ડેક્સ (BMI) ને નિયંત્રણમાં રાખો. વધારે વજન હૃદય પરનો ભાર અને જોખમ વધારે છે.

૬. તણાવ વ્યવસ્થાપન (સ્ટ્રેસ મૅનેજમેન્ટ)

લાંબા ગાળાનો તણાવ હૃદયના સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. યોગ, ધ્યાન કે શ્વાસની કસરતો દ્વારા તણાવનું વ્યવસ્થાપન કરો.

- **નિયમિત તપાસ અને ફૉલો-અપ :** સ્ટેન્ટ મુકાવ્યા બાદ નિયમિત રીતે ડૉક્ટરનો સંપર્ક જાળવી રાખવો જરૂરી છે.

૧. કાર્ડિયોલોજિસ્ટનો નિયમિત ફૉલો-અપ

પ્રારંભિક તબક્કો : શરૂઆતના થોડા મહિનાઓમાં (જેમકે ૧ મહિના, ૩ મહિના, ૬ મહિના પછી) ડૉક્ટરોના કહેવા મુજબ નિયમિત મુલાકાત લો.

લાંબા ગાળાનો તબક્કો : પછી સામાન્ય રીતે વર્ષમાં એક કે બે વાર કાર્ડિયોલોજિસ્ટનો સંપર્ક કરવો જોઈએ, જ્યાં સુધી ડૉક્ટર અન્યથા ન કહે.

૨. નિયમિત લૅબોરેટરી તપાસ

કોલેસ્ટ્રૉલ પ્રોફાઇલ (લિપિડ પ્રોફાઇલ) : નિયમિતપણે (સામાન્ય રીતે દર ૬ થી ૧૨ મહિને, અથવા ડૉક્ટરના કહેવા મુજબ) કોલેસ્ટ્રૉલ (ખાસ કરીને LDL) નું સ્તર તપાસવું.

બ્લડ સુગર : જો તમને ડાયાબિટીસ હોય અથવા તેનું જોખમ હોય, તો HbA1c સહિત ગ્લુકોઝનું સ્તર નિયમિત તપાસતા રહેવું.

કિડની અને લિવર ફંક્શન ટેસ્ટ : લાંબા સમય સુધી દવાઓ લેવાથી થતી અસર જોવા માટે.

૩. હૃદય સંબંધિત તપાસ

ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ (ECG) : હૃદયની વિદ્યુત-પ્રવૃત્તિ તપાસવા માટે.

ઈકોકાર્ડિયોગ્રામ (Echo) : હૃદયની કાર્યક્ષમતા અને માળખું જોવા માટે.

તણાવ પરીક્ષણ (સ્ટ્રેસ ટેસ્ટ) અથવા ટ્રેડમિલ ટેસ્ટ (TMT) : ડૉક્ટર જો જરૂર જણાય તો, ખાસ કરીને જો તમને ફરીથી છાતીમાં દુખાવો કે શ્વાસ લેવામાં તકલીફ થતી હોય, તો આ ટેસ્ટ કરાવવાની સલાહ આપી શકે છે. આ સ્ટેન્ટની આસપાસ અથવા અન્ય ધમનીઓમાં નવું બ્લૉકેજ તો નથી ને તે જોવામાં મદદ કરે છે.

ઈમેજિંગ ટેસ્ટ (જેમકે IVUS અથવા OCT) : આ ટેક્નિકનો ઉપયોગ સ્ટેન્ટની અંદરની સ્થિતિ વધુ સ્પષ્ટ રીતે જોવા માટે ખાસ કેસોમાં થઈ શકે છે, જો ડૉક્ટરને સ્ટેન્ટ બંધ થવાની કે ગઠ્ઠો જામવાની શંકા હોય.

- **ચેતવણીરૂપ લક્ષણો :** જો તમને નીચેનામાંથી કોઈ પણ લક્ષણ જણાય, તો તાત્કાલિક તમારા ડૉક્ટરનો સંપર્ક કરવો અથવા ઇમર્જન્સી મેડિકલ સહાય લેવી.

છાતીમાં દુખાવો કે દબાણ : જે આરામ કરવાથી કે દવા લેવાથી પણ ઓછો ન થાય.

શ્વાસ લેવામાં તકલીફ : અચાનક થવી.

અનિયમિત ધબકારા : હૃદયના ધબકારા અચાનક ખૂબ ઝડપી કે ધીમા થઈ જવા.

હાથ, ગરદન કે જડબામાં દુખાવો : જે છાતીના દુખાવા સાથે સંકળાયેલો હોય.

- **મહત્ત્વપૂર્ણ નોંધ :** અહીં આપેલી માહિતી ફક્ત માર્ગદર્શન માટે છે. તમારા સ્વાસ્થ્યની ચોક્કસ સ્થિતિ, સ્ટેન્ટનો પ્રકાર અને અન્ય રોગના ઇતિહાસને આધારે તમારા કાર્ડિયોલોજિસ્ટ દ્વારા આપવામાં આવેલી સલાહને જ હંમેશાં અનુસરો.



- ડૉ પ્રણવ વૈદ્ય


દાતાશ્રીઓ ઉપર ઉમિયા માતાજીના આશિર્વાદ સદાય વરસતા રહો.



















દાતાશ્રીઓ ઉપર ઉમિયા માતાજીના આશિર્વાદ સદાય વરસતા રહો.














વિભાગ : ૬ કૃષિ, વેપાર અને ઉદ્યોગ ધંધા

પીપળીયાના પદ્માબાપા કાલરિયાની ખોબો મગફળીએ દોઢસો વરસ પૂર્વે કરી ક્રાંતિ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

પદ્માબાપા કાલરિયા (ભગત)



મગફળીના પિતા

વરસ હતું સંવત ૧૯૩૨નું. ધોરાજીની ધૂળિયા શેરી. બપોરના તડકામાં ચોરો ખાલી પડ્યો છે. સવારની વાતોના અવશેષ જેવો હુક્કાનો ધુમાડો હજી થાંભલીને વળગેલો છે. આંગણે પથરા ગોઠવીને ચણેલાં નળિયાવાળાં મકાન. ઓસરીએ બાંધેલું આસોપાલવનું તોરણ સુકાઈને પીળું પડ્યું છે. ફળિયામાં ગાયના ગળે બાંધેલી ઘૂઘરી રણકે અને ખળામાં બાજરાના પૂળા ઢગલે થાય. એ વખતે જીવન ધીમું હતું. ખેડૂતનાં ખેતરમાં બાજરો, જુવાર, કપાસ. તેલ જોઈએ તો તલ, દીવેલો. પશુપાલન એટલે ઘરનું ધણ ગાય, ભેંસ, બળદ. બળદ વિના ખેતર અધૂરું, ગાય વિના રસોડું સૂનું. 'મગફળી' નામનો શબ્દ કોઈના કાને પડ્યો નહોતો. ઉપજ આવે એટલે ગાડાં ભરીને ધોરાજીની બજારે જાય. ત્યાં દુકાનદાર માપમાં આંગળી મારે અને ખેડુત મૂંગો રહે. આવું હતું દોઢસો વરસ પહેલાંનું ગામ, જ્યાં પરસેવો ઢળે પણ પૈસો ન મળે.

એવા જ એક પીપળીયાના જ્ઞાતિએ કડવા પાટીદાર એવા પદ્માબાપા કાલરિયા. કેડિયું, ચોરણી, માથે ફાળિયું પહેરતા. પણ આંખમાં કોઈ અજંપો હતો. બાપા ગર્ભશ્રીમંત ખરા પણ મનથી પ્રગતિશીલ. વેપાર અર્થે મદ્રાસ સુધીનો પંથ ખેડી આવેલા. ત્યાં બંદરે ઊતર્યા. ફરતાં એક ખેતર ભાળ્યું. લીલુંછમ ઝૂમખું. ખેડૂતો જમીન ખોતરીને કંઈક કાઢે. બાપાએ પૂછ્યું, "ભાઈ, આ શું?"

"વેરકડલૈ" એટલે કે મગફળી. મદ્રાસી ખેડૂતે સમજાવ્યું, "તેલ નીકળે. ઢોરને ખોળ મળે. ગરીબનું બદામ."

પદ્માબાપાના કાન સરવા થયા. તેલ ? સૌરાષ્ટ્રમાં તલનું તેલ મોંઘું. દીવેલો દાઝે. આ શીંગમાંથી તેલ નીકળે ? બાપાએ પૂછપરછ કરી. કેવી જમીન જોઈએ ? કેવો વરસાદ ? કેટલા દી'માં પાકે ? ખેડૂતે બધું સમજાવ્યું. બાપાને થયું, 'આપણે ત્યાં તો વરસાદે વરસાદે ભીનું રહે. રેતાળ ગોરાડું જમીન. કેમ ન થાય ?'

બાપાએ ખેડૂતને કહ્યું, "ભાઈ, થોડી આપો તો !" ખેડૂત હસ્યો, "લઈ જાવ." બાપાએ કેડિયાનાં બેય ખિસ્સાં ફંફોસ્યાં. ખોબો મગફળી ભરી લીધી. બીજું કંઈ નહીં. ન રૂપિયા, ન સોનું ! ખાલી ખોબો મગફળી લઈને સૌરાષ્ટ્રની વાટ પકડી.

ધોરાજી પાછા આવ્યા ત્યારે ચોરે બેઠેલા લોકોમાં ટીખળ શરૂ થઈ ગઈ. "બાપા, મદ્રાસથી શું લાવ્યા ? હીરા-માણેક ?" બાપાએ ખિસ્સાંમાંથી મગફળી કાઢી. "આ લાવ્યો. એનું નામ મગફળી. તેલ નીકળશે."

ચોરો ખડખડાટ હસી પડ્યો. "બાપા, ગાંડા થયા લાગો છો ! તેલ તો તલનું. આ શું કોચલાં લાવ્યાં ?" દુકાનદાર બોલ્યો, "બાપા, આનું તેલ કોણ ખાશે ?" બીજો બોલ્યો, "ઉંદરડાં ખાઈ જશે. બાપા ખિસ્સાં ભરીને ઉંદરનું ખાવાનું લાવ્યાં !" શેરીના છોકરાં તાળી પાડીને કહે, "બાપાને મદ્રાસમાં છેતર્યા !"

ઘરે આવ્યા. ઓસરીના ખૂણે બેસીને પટલાણી વાસીદું વાળતી હતી. બાપાને જોઈને બોલી, "આ શું લાવ્યા ? આખી વાડી પડી છે ને તમે ખૂણે રમત માંડશો ? આ નવા છોડને સાચવવા બેસશો તો ખળામાં જુવારના પૂળા કોણ ભરશે ?" દીકરો ખળામાંથી આવીને કહે, "બાપુ, ચોરે બધા હસે છે." બાપા કહે, "હસવા દે બેટા. નવી ચીજ વાવવી એટલે પહેલાં તો લોક હસે જ. પણ મહેનત આપણી છે."

ચોમાસું બેઠું. બાપાએ પોતાની વાડીમાં એક ખૂણો સાફ કર્યો. ખોબો મગફળીના દાણા ફોલીને જાતે મહેનત કરીને વાવી દીધા. ઢેફાં ભાંગ્યાં, નીંદણ કાઢ્યું, પોતે પાણી પાયું. ગામના પાદરે ઊભેલો લીમડો સાક્ષી હતો. એ લીમડો જાણે પૂછતો હતો, ''બાપા, આ શું નવું માંડ્યું ?!''

દિવસ વીત્યા. વાડીના ખૂણામાં લીલા છોડ ઊગ્યા. જાતે મહેનત કરીને ઉછેરેલા છોડ લહેરાવા લાગ્યા. પીળાં પીળાં ફૂલ આવ્યાં. પછી ડૂંખ જમીનમાં પેસી ગઈ. બાપા રોજ જઈને જુએ. પાડોશી વાડ ઓળંગીને કહે, ''બાપા, ફૂલ તો ખરી ગયાં. તમારી મગફળી મરી ગઈ લાગે છે. આટલી મહેનત માથે પડી.'' બાપાનેય થયું, 'હું શું ભૂલ કરું છું ?' પણ ખેડૂતે કહેલું યાદ આવ્યું, 'ફૂલ ખરે પછી જમીનમાં શીંગ બેસે.'

ચાર મહિને બાપાએ એક છોડ ઉખેડ્યો. મૂળમાં લટકતી પોપટી જેવી શીંગો ! બાપાની આંખ ભીની થઈ. આખું ખેતર ખોદ્યું. બે સુંડલા મગફળી નીકળી. ગામ આખું આશ્ચર્યથી જોવા આવ્યું. ચોરે વાત ફેલાઈ ગઈ. ''અરે ! આ તો ખરેખર જમીનમાંથી નીકળી ! બાપાએ કહ્યું હતું એવું જ થયું !'' જે મોઢાં ટીખળ કરતાં હતાં એ જ મોઢાં હવે પહોળાં થઈ ગયાં. ''બાપા, આ તો જાદુ ! તમે તો સાચું કાઢ્યું.''

હવે બાપાએ બીજી મથામણ માંડી. એ બે સૂંડલા ફોલીને આખાં ખેતરમાં વાવ્યાં. આ વખતે લોક હસ્યા નહિ. ખળામાં પૂળા ભરતાં ભરતાં ઊભા રહીને જોયું. પાક લણાયો ત્યારે એક ગુણી ભરાઈ. બાપાએ ગુણી ઘરમાં ન રાખી. સગાં-વહાલાંને બોલાવ્યાં. ''લ્યો, એક પાયલી લઈ જાવ. વાવો. ખાઓ. તેલ કાઢો.''

લોકોને નવાઈ લાગી. ''બાપા, તમે વેચતા કેમ નથી ?'' બાપા હસ્યા. ''વેચું તો એક વરસ ખાઈશ. વહેંચું તો સો વરસ નહીં કાયમી સૌરાષ્ટ્ર ખાશે.''

જુઓ કરામત ! પાયલી લઈ ગયેલા ખેડૂતે વાવી. એણે પાડોશીને આપી. પાડોશીએ સસરા પક્ષે મોકલી. દાયકો ફર્યો ન ફર્યો ત્યાં તો ધોરાજી, ઉપલેટા, જેતપુર, ગોંડલની સીમ મગફળીના લીલા ગાલીચાથી ઢંકાઈ ગઈ. ખળા બદલાઈ ગયા. હવે ખળામાં બાજરાના પૂળાની જગ્યાએ મગફળીના પાલા થવા લાગ્યા. ઘાણીઓ ચાલુ થઈ. તેલની ધાર વહેવા લાગી. ખોળથી ઢોર તગડાં થયાં. પશુપાલનને નવું બળ મળ્યું. ખેડૂતના ઘરે રોકડો રૂપિયો આવવા લાગ્યો. જે દુકાનદાર આંગળી મારતો એ હવે રોકડા ગણીને આપવા લાગ્યો.

રાજાશાહી વખત. ધોરાજીમાં ખેડૂત સંમેલન ભરાયું. ચોરો નહિ, આખું મેદાન ખીચોખીચ. ગોંડલની ભરી સભામાં પદ્માબાપાને બોલાવ્યા. ફૂલહાર પહેરાવ્યો. સ્ટેજ પર બેઠેલાએ વાણીમાં પ્રસંશનીય કામગીરી બદલ કહ્યું, ''પદ્માબાપા, તમે સૌરાષ્ટ્રને તેલ આપ્યું, ઢોરને ખોળ આપ્યો, ખેડૂતને રોકડી આવક આપી. આજથી તમે 'મગફળીના પિતા'.'' આખી સભા ઊભી થઈને તાળીઓ પાડી રહી. જે ચોરે એક દિવસ ટીખળ થતી હતી એ જ ચોરે આજે જયજયકાર થયો.

આજે ૧૫૦ વરસ થયાં. ગુજરાતમાં ૧૫ લાખ હેક્ટરમાં મગફળી વવાય છે. સૌરાષ્ટ્રના યાર્ડોમાં ટ્રેક્ટરોની લાઇન લાગે છે. કરોડોનું તેલ નીકળે છે. ધોરાજી અને ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં પદ્માબાપાનું તૈલચિત્ર મૂક્યું છે.

પણ આજે જો કોઈને કહીએ કે એક માણસ ખોબો મગફળી લઈને મદ્રાસથી આવ્યો, ચોરે લોકોએ ટીખળ કરી, ઓસરીએ બૈરીએ મહેણાં માર્યાં, ખળામાં પૂળા ભરવાનો છોડીને એણે જાતે મહેનત કરીને છોડ ઉગાડ્યા, ખૂણે ખૂણે વાવી, વહેંચી અને આખા સૌરાષ્ટ્રની તકદીર બદલી નાખી. તો કોઈ માને નહીં કે આજે મગફળી સૌરાષ્ટ્રનો શ્વાસ છે અને શ્વાસ કોઈ લાવ્યું એવું કોઈ માને ખરું ?

પણ હા, ઓસરીમાં બાંધેલા તોરણની જેમ, આંગણામાં ઊભેલા લીમડાની જેમ, ખળામાં પડેલા પૂળાની જેમ, પદ્માબાપાનું નામ સૌરાષ્ટ્રની ધરતીમાં કાયમ માટે કોતરાઈ ગયું છે. ખોબો મગફળી અને કર્યો શંખનાદ ક્રાંતિનો અને પડઘા પડ્યા ચારેય દિશામાં.

ખોબો મગફળી લઈને ચાલેલો યાત્રી માત્ર બીજ નહોતો લાવ્યો, સૌરાષ્ટ્રની ધરતી પર સુવર્ણકાળ વાવી ગયો. જે કિસ્સા પર લોક હસ્યાં એ જ કિસ્સાએ ખેડૂતનાં ઘરનું ખોરડું ભર્યું. ચોરાનાં ટોળાંથી ચોખ્ખાં રહીને જે હાથોએ જમીન ખોતરી, એ હાથે ઈતિહાસ કોતર્યો. આજે યાર્ડમાં પડતી શીંગોના ખખડાટમાં પદ્માબાપાનાં પગલાં સંભળાય છે. ખોબો મગફળી અને આખા સૌરાષ્ટ્રનો વિસામો બની ગયો. ધોરાજીમાં એનું બાવલું બોલે છે, એટલે જ તો ખેતરના પવનમાં આજેય ગૂંજે છે : 'મગફળીના પિતા' અમર છે, કારણ એણે દાણો નહીં પણ દિશા વાવી હતી !



- ડૉ. ભાવેશ જેતપરિયા

વિભાગ : ૭

ઉમિયાધામ સોલામાં અદ્યતન ગર્લ્સ અને બોઇઝ હોસ્ટેલનું ભવ્યાતિભવ્ય લોકાર્પણનો અહેવાલ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

શ્રી ઉમિયાધામ, સોલા કેમ્પસ, અમદાવાદ

કડવા પાટીદાર સમાજના તેજસ્વી દીકરા-દીકરીઓની સુરક્ષા, સલામતી અને ઉજ્જવળ કારકિર્દીના નિર્માણ માટે અમદાવાદના એસ. જી. હાઇવે પર આવેલા સોલા ઉમિયાધામ કેમ્પસ ખાતે કરોડો રૂપિયાના ખર્ચે નવનિર્મિત અદ્યતન સુવિધાસભર હૉસ્ટેલનું ભવ્યાતિભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. દેશના કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદહસ્તે આ બહુમાળી ઇમારતનું લોકાર્પણ સંપન્ન થયું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સહિતના અનેક રાજકીય મહાનુભાવો અને પાટીદાર સમાજના અગ્રણીઓ – દાતાશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

- **વડવાઓનું સ્વપ્ન અને ૧૫૦૦ કરોડનો પ્રૉજેક્ટ**

વર્ષો પહેલાં દીર્ઘદૃષ્ટિ ધરાવતા સમાજના વડીલો, દાનેશ્વરી દાતાઓ અને ઊંઝા સંસ્થાનના તત્કાલીન પદાધિકારીઓએ સોલા ખાતે ૨૬ વીઘા જમીન ખરીદીને સમાજના ઉત્થાનનું જે સ્વપ્ન સેવ્યું હતું, તે આજે સાકાર થઈ રહ્યું છે. ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં આ સોલા કેમ્પસના વિકાસ માટે રૂપિયા ૧૫૦૦ કરોડના મેગા પ્રૉજેક્ટનો શિલાન્યાસ કરાયો હતો. આ પ્રૉજેક્ટ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા દીકરા-દીકરીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને આ અદ્યતન હૉસ્ટેલનું નિર્માણ ટૂંકા સમયમાં પૂર્ણ કરવામાં આવ્યું છે.

- **હૉસ્ટેલની અદ્યતન સુવિધાઓ અને વિશેષતાઓ**

આર્કિટેક્ટ ટીમની અકલ્પનીય સેવાઓ થકી તૈયાર થયેલાં બે હાઇરાઇઝ ટાવર્સમાં ૪૦૦ જેટલા રૂમ બનાવવામાં આવ્યા છે, જેમાં ૧૬૦૦ જેટલા દીકરા-દીકરીઓને ખૂબ જ ઓછી ટોકન ફી સાથે પ્રવેશ આપવામાં આવશે.

- **મહાનુભાવોના પ્રેરક પ્રવચનોના મુખ્ય અંશો :**

"તમામ ક્ષેત્રોમાં પાટીદારોનો દબદબો" – શ્રી અમિતભાઈ શાહ (કેન્દ્રીય ગૃહમંત્રી)

'મા ઉમિયા'ના જયઘોષ સાથે પ્રવચનની શરૂઆત કરતા ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું કે, "ગુજરાતનો વિકાસ અને પાટીદાર સમાજનો વિકાસ સમાંતરે ચાલે છે. રિયલ એસ્ટેટ, ફાર્મસી, ઉદ્યોગ કે રાજકારણ – દરેક ક્ષેત્રમાં પાટીદારોએ પોતાની મહેનતથી આગવું સ્થાન બનાવ્યું છે. દેશભક્તિ, વહીવટી કુશળતા અને પરસ્પર સહકાર એ આ સમાજની ઓળખ છે. રિસર્ચ કરનારા વિદ્યાર્થીઓએ પાટીદારોની પ્રગતિ પર સંશોધન કરવું જોઈએ."

"પાટીદાર સમાજ દેશને આપવાવાળો સમાજ છે." – શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (મુખ્યમંત્રી)

મુખ્યમંત્રીશ્રીએ હળવી શૈલીમાં જણાવ્યું કે, "પાટીદાર સમાજનો મંડપ જોઈને જ ખબર પડી જાય કે અહીં દાતાઓનું લિસ્ટ ઘણું લાંબું હશે ! ઊંઝા સંસ્થાન 'નેશન ફર્સ્ટ'ની ભાવના સાથે કામ કરે છે. પાટીદારોની સંગઠન શક્તિ સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં મોટું યોગદાન આપી રહી છે."

"સામાજિક ચિંતન કરવાનો સમય પાકી ગયો છે." – શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા (પૂર્વ કેન્દ્રીય મંત્રી)

તેમણે વાલીઓને ગંભીર ચેતવણી અને શિખામણ આપતા કહ્યું કે, "જે સંતાનો ઘરની હૂંફ છોડીને શહેરોમાં આવે છે, તેમની સમયાંતરે કાળજી લેવી જરૂરી છે. સંચાલકોએ પણ અહીં માતા-પિતા તરીકેની ભૂમિકા ભજવવી પડશે. સમાજની સંસ્થાઓએ પણ અન્ય પ્રૉજેક્ટ્સને બદલે હૉસ્ટેલ અને શિક્ષણનાં કાર્યોને પ્રથમ પ્રાધાન્ય આપવું જોઈએ."

"સરકારે મદદ કરી, ૨૦૦ કરોડ બચાવ્યા." – શ્રી નીતિનભાઈ પટેલ (પૂર્વ નાયબ મુખ્યમંત્રી)

તેમણે ભૂતકાળનું સ્મરણ કરતાં જણાવ્યું કે, "સોલાની ૨૬ વીઘા જમીન પર સરકારી કપાત ન થાય તે માટે ભાજપ સરકાર સમક્ષ રજૂઆત કરાતા સરકારે 'ઝીરો કપાત'નો ઐતિહાસિક હુકમ કર્યો હતો, જેનાથી સંસ્થાને અંદાજે રૂપિયા ૨૦૦ કરોડનો સીધો ફાયદો થયો હતો."

- **દાતાશ્રીઓનું ઉમળકાભેર સન્માન અને નવીન લોકાર્પણ**

આ પ્રસંગે કરોડો રૂપિયાનું દાન આપનાર ભામાશાઓનું મહાનુભાવોના હસ્તે ખેસ, ફૂલહાર અને મા ઉમિયાની છબી આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

– રૂપિયા ૩૧ કરોડનું દાન : શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ (અધ્યક્ષ, ઊંઝા સંસ્થાન)

– રૂપિયા ૧૫ કરોડનું દાન : શ્રી સી. કે. પટેલ

– નામકરણ દાતાશ્રીઓ : શ્રી જે. એસ. પટેલ (માણસા) અને તપસ્વી શ્રી અરવિંદભાઈ પટેલ (લણવા)

– રૂપિયા ૫ કરોડનું દાન : UCDC નામકરણ દાતા

શ્રી પ્રતાપભાઈ બુલાખીદાસ પટેલ (મુંબઈ), શ્રી ચીમનભાઈ અગ્રવાલ અને શ્રી ડી. ડી. પટેલ

આ સાથે જ દેશ-વિદેશના ઉમાભક્તો માટે દાન આપવાની પ્રક્રિયા સરળ બને તે હેતુથી ગૃહમંત્રીશ્રીના હસ્તે 'દાન હુંડી' અને 'તામ્રપત્ર'નું ડિજિટલ લોકાર્પણ પણ કરાયું હતું.

હૉસ્ટેલમાં ઉપલબ્ધ સુવિધાઓ :

– ઇ-લાઇબ્રેરી અને વિશાળ રિડીંગ હૉલ

– શુદ્ધ, સાત્વિક અને પૌષ્ટિક ભોજનની વ્યવસ્થા

– પીવાના શુદ્ધ પાણીનો અદ્યતન પ્લાન્ટ

– સ્પેશિયલ કોચિંગ ક્લાસિસ, એક્સરસાઇઝ રૂમ અને લોન્ડ્રી સુવિધા

– સર્વોચ્ચ સુરક્ષા અને સલામતીભર્યું વાતાવરણ

- **UPSC-GPSCની તૈયારીઓ માટે સર્વશ્રેષ્ઠ કેન્દ્ર**

આ કેમ્પસમાં નવનિર્મિત 'જે. એસ. પટેલ કુમાર છાત્રાલય' અને 'તપસ્વી અરવિંદભાઈ પટેલ કન્યા છાત્રાલય' માત્ર રહેવા માટેનાં સ્થળ નથી, પરંતુ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવવાનું કેન્દ્ર બનશે. અહીં વૈજ્ઞાનિક સ્તરનું કોચિંગ અને પૂર્વ IAS-IPS જેવાં તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

ઉમિયાધામ સોલામાં અદ્યતન ગર્લ્સ અને બોઇઝ હોસ્ટેલનું ભવ્યાતિભવ્ય લોકાર્પણની તસ્વીરો

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો














વિભાગ : ૮ ઉમિયા દ્વારેથી ...



શ્રી ઈશ્વરભાઈ એ. પટેલ

- **શ્રી ઉમિયા માતાજીના નવીન મંદિરનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ**

પાલનપુરમાં ૩૧ ગામ કડવા પાટીદાર સમાજ દ્વારા ઉમિયા માતાજીના નવીન ભવ્ય મંદિરનો ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રમુખ શ્રી હેમાભાઈ જગાણીયાના માર્ગદર્શનમાં સંપન્ન થયો. આ મહોત્સવમાં માતાજીના મંદિર સાથે શિક્ષણ સુવિધા, સામાજિક સમરસતા, અંધશ્રદ્ધા-વ્યસનમુક્તિ, પ્રેમ, સૌના આર્થિક વિકાસ બાબતે ચિંતન કરવામાં આવ્યું. ત્રણ દિવસ ચાલેલા આ કાર્યક્રમમાં અગ્નિસ્થાપન, પૂજન અને પૂજાવિધિ કરી છેલ્લા દિવસે શ્રી ઉમિયા માતાજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. આ પ્રસંગે દાતાશ્રીઓ, ૩૧ ગામ કડવા પાટીદાર સમાજના પ્રગતિશીલ યુવક મંડળો તમામનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન – ઊંઝાથી પ્રમુખ શ્રી બાબુભાઈ જે. પટેલ, સહમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, અન્ય હોદેદારશ્રીઓએ હાજર રહી પ્રોત્સાહન આપ્યું. ૩૧ ગામ કડવા પાટીદાર સમાજ નાનો પણ પ્રભાવશાળી, શિક્ષિત અને દિક્ષિત પ્રગતિશીલ છે. માતાજીની પ્રાણપ્રતિષ્ઠાથી સમાજમાં સંપ, સંગઠન અને ભાવાત્મક એકતા વધે. સહુ સુખી-સંપન્ન બને એવા માતાજીના આશીર્વાદ.

- **ગગનભેદી જયઘોષ સાથે ઉમિયા માતાજીની અદ્‌ભુત નગરયાત્રા**

વૈશાખ સુદ-૧૫ના દિવસે શ્રી ઉમિયા માતાજીનાં સાક્ષાત સ્વરૂપે નગરજનોને દર્શન આપવાની વર્ષોજૂની નગરયાત્રાની પરંપરા રહી છે. તા. ૦૧-૦૫-૨૦૨૬ના રોજ વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજા-આરતી કરી માતાજીને દિવ્ય રથમાં બિરાજમાન કરવામાં આવ્યાં. 'ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ'ના સચિવ શ્રી રમેશભાઈ મેરજાએ લીલી ઝંડી આપી, સવારે ૦૮:૦૦ કલાકે રથનું પ્રસ્થાન કરાવ્યું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી બાબુભાઈ જે. પટેલ, ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ દૂધવાળા, સાંસદશ્રી, ધારાસભ્યશ્રી, સંસ્થાના માનદ્ મંત્રીશ્રી, તમામ હોદેદારોશ્રીઓની હાજરીમાં 'બોલ મારી ઉમિયા'ના જયઘોષ સાથે નગરયાત્રાનો પ્રારંભ થયો.

નગરયાત્રામાં ગજરાજ, અશ્વસવાર, શણગારેલી બગીઓ તથા ૧૭૫થી વધુ ટૅબ્લોમાં ટ્રૅક્ટરોમાં ભાવિક ભક્તોની ૪ કિલોમીટર લાંબી નગરયાત્રા નીકળી. નગરયાત્રામાં માતાજીના શણગારેલા રથનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગત સાથે નગરજનોને ઠંડું પીણું, પ્રસાદ, ચૉકલેટ, કુલ્ફી, મેવા-મીઠાઈ, મહાપ્રસાદ, છાશ વગેરેનો લાભ મળ્યો. ૨૦૦થી વધુ ટૅબ્લો સાથે હજારોની સંખ્યામાં જોડાયેલ મહિલામંડળો, બહેનો, યુવાનો, વિવિધતામાં એકતા અને ધાર્મિક સદ્‌ભાવ કેળવાય તેવી ઝાંખી જોવાથી ધાર્મિકતાનું ઉત્કૃષ્ટ વાતાવરણ બન્યું. આ નગરયાત્રામાં આગોતરા આયોજન માટે હોદેદારશ્રીઓની સલાહ મુજબ વિવિધ કમિટીઓએ સુંદર આયોજન કર્યું. સમગ્ર નગરયાત્રાનું સંચાલન શ્રી ઉમા માઈમંડળે કર્યું. તેમને ખૂબ ખૂબ ધન્યવાદ. નગરયાત્રા માટે તા. ૧૯-૦૪-૨૦૨૬ના રોજ ઉછામણી કરવામાં આવી. તેમાં ભાગ લેનાર દાતાશ્રીઓને માતાજીના ખૂબ ખૂબ આશીર્વાદ. આ નગરયાત્રા કાયમી નિયત કરેલા રૂટ પર લાલ દરવાજા, વડેચીમાતા, બહારમાઢ, ખજૂરીપોળ, વારાહીમાતા, ચબૂતરો, કોટકૂવા, દરજીચકલો, છીપાવાડ, સ્વામીનારાયણ મંદિર, વાડીપરું, રામબાગ, ગોલ્ડન ચોકડી, આંખની હૉસ્પિટલ, બાળોજમાતા, ગંજબજાર, નાગરિક બૅન્કની સામેની લાઇન, ગોળાઈ, ખાડિયા વિભાગ પશ્ચિમ લાઇન થઈ વીસનગર રોડ, નવા ગંજબજારની પૂર્વ લાઇન, શેઠ એમ.આર.એસ. હાઇસ્કૂલ, ગાંધીચોક, સદ્દાહોલ, આઝાદચોક, લુહાર ચકલા, ડબગરની પીંપળ, ચૈણાત ચકલો, ગુરુમહારાજ થઈ માતાજીના મંદિરે ૦૧:૦૦ કલાકે પહોંચી. ઊંઝાના નગરજનો આ દિવસે દરેક ઘેર આસોપાલવના તોરણ બાંધી ઊજાણી કરે છે. વેપારીઓ સ્વયંભૂ વેપાર-ધંધો બંધ રાખી નગરયાત્રામાં જોડાય છે. ૫૦૦થી વધુ સ્વયંસેવકોએ ખડેપગે સેવા આપી. આ પ્રસંગે સમગ્ર નગર અને આજુબાજુના ગામોના યાત્રિકો મા ઉમિયાની ભક્તિમાં લીન થઈ અલૌકિક દિવ્યતાનું વાતાવરણ સર્જાય છે. આ દિવસે નગરયાત્રામાં પુષ્કળ ગરમી હોવા છતાં અતૂટ શ્રદ્ધા સાથે માહોલ ઉમટી પડ્યો. આ નગરયાત્રામાં લહાવો લેવો એ જિંદગીનું અણમોલ સંભારણું બની રહે છે. આશરે ૧૪,૦૦૦ ભક્તોએ ભોજનપ્રસાદનો લાભ લીધો. શ્રી ઉમા માઈમંડળ દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું. ઉછામણીના તથા ભોજનપ્રસાદના દાતાશ્રીઓ – તમામને માતાજીનાં આશીર્વાદ.

કડવા પાટીદારોની કુળદેવી જગતજનની મા ઉમિયાની વૈશાખી પૂર્ણિમાના પાવન દિવસે ઊંઝામાં ભવ્ય અને દિવ્ય નગરયાત્રા ભક્તિભાવ સાથે સંપન્ન થઈ હતી. 'જય જય ઉમિયા'ના નારા સાથે શહેર ભક્તિમય બની ગયું હતું. આ નગરયાત્રાનો માહોલ વધુ ભવ્ય અને યાદગાર બન્યો.

- **મેલબોર્નમાં કડવા પાટીદાર કુળદેવી મા ઉમિયાનો નવચંડી મહાયજ્ઞ યોજાયો.**

મેલબોર્ન (ઑસ્ટ્રેલિયા)માં શ્રી ઉમિયા માતાજી મંદિર દ્વારા વર્ષ-૨૦૨૬માં આયોજિત નવચંડી મહાયજ્ઞ એ ત્યાં વસતા ગુજરાતી સમાજ અને ખાસ કરીને કડવા પાટીદાર સમાજ માટે એક અત્યંત મહત્ત્વનો અને ભક્તિમય પ્રસંગ છે. આ ભવ્ય કાર્યક્રમ શ્રી ઉમિયા માતાજી મંદિર, મેલબોર્ન દ્વારા કરવામાં આવ્યો છે. ઑસ્ટ્રેલિયામાં વસતા ભારતીય સમુદાયમાં સાંસ્કૃતિક મૂલ્યોનું જતન, વિશ્વશાંતિ અને મા ઉમિયાનાં આશીર્વાદ મેળવવા માટે આ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવે છે. મેલબોર્નમાં આ પ્રકારના મહાયજ્ઞના આયોજનથી વિદેશમાં ઉછરી રહેલી નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ, સનાતન ધર્મ અને કુળદેવી મા ઉમિયાના પ્રતાપ વિશે જાણકારી મળે છે. આ પ્રસંગે માત્ર મેલબોર્નજ નહીં, પરંતુ સમગ્ર ઑસ્ટ્રેલિયામાંથી મોટી સંખ્યામાં ગુજરાતી પરિવારો ઉમટી પડે છે. જેમાં ઑસ્ટ્રેલિયામાં મેલબોર્ન સહિત એડિલેડ અને સિડનીના ૬૦૦૦થી વધુ ભાવિક ભક્તોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં ઑસ્ટ્રેલિયાના રાજકારણીઓ અને જાણીતી હસ્તીઓએ પણ હાજરી આપી હતી. હવનના પ્રસાદના ભાગરૂપે સ્વયંસેવકો દ્વારા ૧૧,૧૫૧ લાડવા બનાવવામાં આવ્યા હતા. સમગ્ર નવચંડી હવન માટે ૨૫૦થી વધારે સ્વયંસેવકોએ સેવા આપી.

- **શ્રી ઉમિયા માતાજી ફોટોમંદિર નિર્માણ**

વિઝન-૨૦૩૦ અંતર્ગત શ્રી ઉમિયા માતાજીના શિખરબધ્ધ મંદિર નિર્માણ અને ફોટોમંદિરમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો તે આપણા સૌ માટે ગૌરવ અને આનંદની વાત છે. માતાજીના મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવો ભારે ધામધૂમથી આનંદ-ઉલ્લાસથી ઊજવાય છે.

ક્રમ	તારીખ	ગામ	તાલુકો	જિલ્લો
૧.	૦૨-૦૪-૨૦૨૬	રાંકદા	દલોદા	મંદસોર
૨.	૧૩-૦૪-૨૦૨૬	ઢાપલા	મહેશ્વર	ખરગાંન
૩.	૧૩-૦૪-૨૦૨૬	ચંદાવડ	ધરમપુરી	ધાર
૪.	૩૦-૦૪-૨૦૨૬	કુસલપુરા	જોટાણા	મહેસાણા

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન – ઊંઝાના હોદ્દેદારશ્રીઓ, મંદિર સમિતિના સભ્યોએ હાજર રહી પ્રોત્સાહન આપ્યું હતું. તમામ દાતાશ્રીઓ, કાર્યકરો, ભાઈઓ-બહેનો અને યુવાવર્ગ, માતાજીના મંદિરમાં તન-મન-ધનથી જેમણે સહકાર આપ્યો તે તમામને માતાજીના ખૂબ ખૂબ આશીર્વાદ મળે તેવી મા ઉમિયાને પ્રાર્થના.

- **ભુદરી (મધ્યપ્રદેશ) ખાતે શ્રી ઉમિયા માતાજી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.**

મધ્યપ્રદેશના ખરગાંન જિલ્લાના મહેશ્વર તાલુકાના ભુદરી ગામમાં કુળદેવી શ્રી ઉમિયા માતાજીના નવનિર્મિત મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અત્યંત ભક્તિમય અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો. તા. ૧૭-૦૪-૨૦૨૬ થી તા. ૨૪-૦૪-૨૦૨૬ દરમિયાન યોજાયેલા આ મહોત્સવના અંતિમ દિવસે ભુદરી ગામમાં ભવ્ય શોભાયાત્રા નીકળી. ગામના મુખ્ય માર્ગો પર આકર્ષક રંગોળીઓ અને પુષ્પવર્ષા સાથે માતાજીનું સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે વાતાવરણ 'જય ઉમિયા'ના નાદથી ગુંજી ઉઠ્યું. મહોત્સવના સમાપન દિવસે દેવપૂજન, મૂર્તિપ્રતિષ્ઠા અને મહાઆરતી બાદ હજારો ભાવિક ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો.

- **જીતપુર (અરવલ્લી) ખાતે ચાર દિવસનો શ્રી ઉમિયા માતાજી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો.**

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના જીતપુર ગામે સમસ્ત કડવા પાટીદાર સમાજ દ્વારા નવનિર્મિત શ્રી ઉમિયા માતાજી મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૦૭-૦૫-૨૦૨૬ થી તા. ૧૦-૦૫-૨૦૨૬ સુધી વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ઊજવવામાં આવ્યો.

મહોત્સવના પ્રથમ દિવસે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા અને જલયાત્રા યોજાઈ. જેમાં ૩,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ ઉમળકાભેર જોડાયા. શોભાયાત્રામાં આસ્થા અને શ્રદ્ધા સાથે ઉલ્લાસના દર્શન થયા. આ પાવન પ્રસંગે દેહશુદ્ધિ અને પ્રાયશ્ચિત્તકર્મ જેવી વિધિઓ સંપન્ન કરવામાં આવી. આ ધાર્મિક મહોત્સવના પ્રારંભે ઊંઝા સંસ્થાનના માનદ્ મંત્રી શ્રી જયંતીભાઈ પટેલ, સહમંત્રી શ્રી મહેન્દ્રભાઈ પટેલ, સંગઠન અને પ્રચાર કમિટીના ચેરમેન શ્રી પ્રવીણભાઈ પટેલ, શિક્ષણ કમિટીના ચેરમેન શ્રી ભરતભાઈ એન. પટેલ, અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી શ્રી જયંતીભાઈ અને શ્રી પ્રવીણભાઈએ પ્રસંગોચિત વક્તવ્ય આપી મા ઉમિયાના વિઝન અને સમાજ સંગઠન પર ભાર મૂક્યો. મહેમાનોનું મોમેન્ટો અને ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું. મુખ્ય આચાર્ય શ્રી વેદાચાર્ય જિજ્ઞેશ જોષી (ડાયરેક્ટર)ના શાસ્ત્રોક્ત માર્ગદર્શન હેઠળ વિધિઓ યોજાઈ રહી હતી. કાર્યક્રમના સ્થળે ભવ્ય યજ્ઞશાળા, આકર્ષક સ્વાગતકક્ષ, ભોજનકક્ષ અને શિસ્તબધ્ધ પાર્કિંગની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ભક્તિની સાથે મનોરંજન માટે લોકડાયરો, રાસ-ગરબા અને ભવ્ય આતશબાજીનું આયોજન કરવામાં આવ્યું હતુ. સમસ્ત જીતપુર કડવા પાટીદાર સમાજના યુવાનો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું, જે અરવલ્લી જિલ્લામાં આસ્થાનું કેન્દ્ર બન્યું.

– શ્રી ઈશ્વરભાઈ એ. પટેલ

વિભાગ - ૯ મે - ૨૦૨૬ માસની દાન સંહિતા

દાતાશ્રીઓ ઉપર ઉમિયા માતાજીના આશીર્વાદ સદાય વરસતા રહો



શ્રી જયંતિભાઈ પટેલ

દાન સંહિતા

દાતાનું નામ	ગામ	રકમ રૂ.
શ્રી મોગલધામ ચેરિટેબલ ટ્રસ્ટ	મહુવા	૨૧,૦૦૦.૦૦
રમેશ કે. પટેલ	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦
વિનોદ કેશરા લીંબાણી	મુંબઈ	૧૫,૦૦૦.૦૦
જયંતીભાઈ કરશન ઠાકરાણી	મુંબઈ	૧૧,૦૦૦.૦૦
રિદ્ધિ ટ્રેડર્સ	રાયપુર	૧૧,૦૦૦.૦૦
કૈલાશ માર્બલ	અંકલેશ્વર	૧૧,૦૦૦.૦૦
શ્રી ગુજરાતી નવરાત્રી મંડળ	મહાલિંગપુર	૫૧,૦૦૦.૦૦
ભગવાનભાઈ બાલુભાઈ પટેલ	દેરોલ	૧૧,૦૦૧.૦૦
પરેશ પટેલ	અમદાવાદ	૧૦,૦૦૦.૦૦
મહેશભાઈ રતિલાલ પટેલ	સુરત	૧૧,૦૦૦.૦૦
પટેલ હર્ષ રાજુભાઈ	મહેસાણા	૧૧,૧૧૧.૦૦
ભાવેશભાઈ જયંતીભાઈ ગોરાણી	હૈદરાબાદ	૧૧,૦૦૦.૦૦
જગદીશભાઈ બળદેવભાઈ પટેલ	અમદાવાદ	૨૧,૦૦૦.૦૦
નિલકંઠ નટવરભાઈ પટેલ	અમદાવાદ	૧,૦૦,૦૦૦.૦૦
કૌશલભાઈ પટેલ અને પ્રતાપભાઈ મકવાણા	અમદાવાદ	૨૧,૦૦૦.૦૦
પાર્થ રાજેશ પટેલ	મુંબઈ	૧૧,૦૦૧.૦૦
એચ. કે. એન્ટરપ્રાઈઝ	અમદાવાદ	૨૦,૦૦૦.૦૦
યશ્મીન રેફ્રિજરેટર	અમદાવાદ	૨૫,૦૦૦.૦૦
સૂર્યાબેન બચુભાઈ પટેલ	કલોલ	૧૫,૦૦૦.૦૦
ઉમા હેલ્થ કેર	વીજાપુર	૧૪,૧૦૦.૦૦
શ્રી ઉમિયા એન્જિનિયર્સ	અમદાવાદ	૧,૫૧,૦૦૦.૦૦
શ્રી ઉમિયા ઇલેક્ટ્રિકલ્સ	નવી મુંબઈ	૫૧,૦૦૦.૦૦
શ્રી ઉમાલક્ષ્મી ઈલેક્ટ્રિકલ્સ	નવી મુંબઈ	૫૧,૦૦૦.૦૦
યમુના ઈન્ફ્રા પ્રૉજેક્ટ એલએલપી	મુંબઈ	૧૧,૦૦૦.૦૦
કાવેરી ટિમ્બર્સ એન્ડ જય માર્કેટિંગ	નીલમંગલા	૧૦,૦૦૦.૦૦
યમુના ઈન્ફ્રા પ્રૉજેક્ટ એલએલપી	મુંબઈ	૧૧,૦૦૦.૦૦
વિશાલ પુરુષોત્તમ પટેલ	પૂના	૫૧,૧૦૦.૦૦
પટેલ કનુભાઈ નારાયણદાસ	ગાંધીનગર	૧૧,૦૦૦.૦૦
ગોવિંદ મણિલાલ લીંબાણી	હૈદરાબાદ	૧૧,૦૦૦.૦૦
પંકજકુમાર શાંતિલાલ પટેલ	પૂના	૧૫,૦૦૦.૦૦
સેન્વીન વેન્ચર્સ એલએલપી	મુંબઈ	૧૧,૦૦૦.૦૦
મારુતિ જ્વેલર્સ	રૂપાવટી	૧૧,૦૦૦.૦૦
પ્રવીણભાઈ ફતેપરા	નાગલપર	૧૧,૦૦૦.૦૦
કિરણ બી. હરપાણી	નીલમંગલા	૫૫,૦૦૦.૦૦

અન્નપૂર્ણા મિષ્ટાન ભોજન દાતા

સ્વ. જશોદાબેન ચંદુભાઈ પટેલ	પાદરા	૧૫,૦૦૦.૦૦
સ્વ. જશોદાબેન ચંદુભાઈ પટેલ	પાદરા	૧૫,૦૦૦.૦૦
પુરુષોત્તમ દેવજી પટેલ	પૂના	૫૧,૦૦૦.૦૦

શિક્ષણસહાય નિધિ કોર્પસ ફંડ

દીપ પ્રહ્લાદભાઈ પટેલ	અમદાવાદ	૫૧,૦૦૦.૦૦

અખંડ ઘી ના દીવા ભેટ

અંબાલાલભાઈ પટેલ પરિવાર	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦

શ્રી ઉમિયાધામ સોલા મંદિર નિર્માણ દાન

દિવ્યેશકુમાર ભરતભાઈ પટેલ	અમદાવાદ	૫૦,૦૦૦.૦૦

શ્રી અન્નદાન દાનભેટ

ધીરજલાલ શિવજીભાઈ પટેલ	રામપુરા કંપા	૨૦,૦૦૦.૦૦

શ્રી પૂનમ ચા દાતાશ્રી

શારદાબેન વસંતભાઈ પટેલ	વીસનગર	૧૫,૦૦૦.૦૦

આરોગ્ય સહાય કોર્પસ ફંડ

કાયમી પ્રસાદ ફંડ (૧૨ વર્ષ માટે) કુલ વ્યક્તિ-૭		૩૫,૭૦૦.૦૦
કાયમી થાળ ફંડ (૧૨ વર્ષ માટે) કુલ વ્યક્તિ-૮		૪૦,૮૦૦.૦૦
કાયમી સદાવ્રત ફંડ (૧૨ વર્ષ માટે) કુલ વ્યક્તિ - ૩		૧૫,૩૦૦.૦૦
શ્રી કાયમી હવન ફંડ (૧૨ વર્ષ માટે)		
શ્રુતિ નિખિલકુમાર રમેશભાઈ પટેલ	અમદાવાદ	૩૧,૦૦૦.૦૦
દીપ મહેન્દ્રભાઈ પટેલ	અમદાવાદ	૩૧,૦૦૦.૦૦

આરોગ્ય સહાય કોર્પસ ફંડ

નરેન્દ્ર છગનભાઈ પટેલ	પૂના	૫૧,૦૦૦.૦૦

શિક્ષણ સહાયક નિધિ કોર્પસ ફંડ

વ્રજ આનંદકુમાર પટેલ	દિહેણ	૨૫,૦૦૦.૦૦
પ્રકાશભાઈ કાળીદાસ પટેલ	અમદાવાદ	૨૫,૦૦૦.૦૦
ઝુબિન બિરેનકુમાર પટેલ	મણીપુર	૨૫,૦૦૦.૦૦

અન્ન દાન

પટેલ સંજયકુમાર પ્રહલાદભાઈ	વિજાપુર	૫,૦૦૦.૦૦
અમીત નવીનભાઈ પટેલ	ધનસુરા	૫,૦૦૦.૦૦
પટેલ મહેન્દ્રભાઈ મણીભાઈ	ગાંધીપુરા કંપા	૫,૧૦૦.૦૦

અન્નપૂર્ણા મિષ્ઠાન ભોજન તિથિ દાતા

પટેલ મીતાબેન અશ્વીનકુમાર	કડી	૧૫,૦૦૦.૦૦
જલ્પાબેન પંકજભાઈ પટેલ	રાણીપ	૧૫,૦૦૦.૦૦
રમેશચંદ્ર ઈશ્વરલાલ પટેલ	કામલી	૧૫,૧૧૧.૦૦
પટેલ મહેશકુમાર ત્રિભોવનદાસ	ઊંઝા	૧૫,૦૦૦.૦૦

શ્રી ઉમિયાધામ સોલા મંદિર નિર્માણ દાન

દિવ્યેશકુમાર ભરતભાઈ પટેલ	અમદાવાદ	૫૦,૦૦૦.૦૦
કાયમી પ્રસાદ ફંડ (૧૨ વર્ષ માટે) કુલ વ્યક્તિ-૩		૧૫,૩૦૦.૦૦
કાયમી સદાવ્રત ફંડ (૧૨ વર્ષ માટે) કુલ વ્યક્તિ-૪		૨૦,૪૦૦.૦૦
કાયમી થાળ ફંડ (૧૨ વર્ષ માટે) કુલ વ્યક્તિ - ૧૨		૬૭,૧૦૦.૦૦

ધન્યવાદ





ઉમિયાજ્યોતના લવાજમના નાણાં રોકડા તેમજ ઓનલાઈન બેંન્કીગથી પણ સ્વીકારવામાં આવે છે.

ખાતાનું નામ : કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
બેન્ક : ઈન્ડીયન ઓવરસીઝ બેન્ક, સોલા બ્રાન્ચ, અમદાવાદ
એકાઉન્ટ નં. : ૦૪૪૭૦૨૦૦૦૦૦૦૬૮૦
IFSC : IOBA0000447

ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ (મો) ૬૩૫૪૫૩૬૪૩૬ ઉપર જાણ કરવી અને પેમેન્ટનો સ્ક્રીનશૉટ મોકલવો.

લવાજમ રૂા. ૨૦૦૦ (૫ વર્ષ માટે)
લવાજમ રૂા. ૩૦૦૦ (૧૦ વર્ષ માટે) **સ્વીકારવામાં આવે છે.**

ઉમિયા જ્યોતના નવા સભ્યશ્રીઓ મે -૨૦૨૬

લવાજમ રૂા. ૩૦૦૦ સ્વીકારવામાં આવે છે. (૧૦ વર્ષ માટે)

પટેલ કમલેશભાઈ મગનભાઈ	અમદાવાદ
અશોકભાઈ ગોપાલભાઈ રાબડીયા	સુરત
પટેલ કમલેશકુમાર બળદેવભાઈ	ગાંધીનગર
પટેલ ભરતભાઈ અંબાલાલ	અમદાવાદ
પટેલ સુરેશભાઈ ઉમેદભાઈ	સુરત
પટેલ દિનેશભાઈ માધવલાલ	મહેસાણા
બાબુભાઈ હરગોવિંદભાઈ પટેલ	મહેસાણા
નાનજીભાઈ નાગરભાઈ કુગશિયા	બનાસકાંઠા
પરેશભાઈ ખીમજીભાઈ પટેલ	અમદાવાદ
રાકેશકુમાર હીરાલાલ પટેલ	સાબરકાંઠા
રાકેશભાઈ કોદરભાઈ પટેલ	સાબરકાંઠા
પટેલ પ્રકાશભાઈ અમૃતલાલ	અમદાવાદ
જયંતીલાલ પ્રભુદાસ પટેલ	મહેસાણા

મે-૨૦૨૬ માસમાં ભાવિક દાતાશ્રીઓએ કુલ ૭૪૪ સાડીઓની માતાજીને ભેટ ઓઢાડી માની કૃપા મેળવી.

શ્રી ઉમિયા મંદિર, ઊંઝામાં 'કાયમી લગ્નોત્સવ યોજના' અંતર્ગત મે - ૨૦૨૬ માસમાં ૧૮ લગ્ન + ૭ કુલહાર લગ્ન કુલ - ૨૫ લગ્ન થયાં.

મિત્રો,

'ઉમિયા જ્યોત' આપ સૌનું ગમતું સામયિક છે. તેમાં આપ યોગ્ય લેખો મોકલી શકો છો. આપની પરિવારનો કોઈ સભ્ય કોઈ ઉચ્ચ શિક્ષણ સિદ્ધિ પ્રાપ્ત કરે, ઉચ્ચ નોકરી પ્રાપ્ત કરે કે બઢતી, બદલી થાય તો તેની ૧/૨ કે ૧/૪ પાનામાં વિગતો છપાવી શકો છો.

— તંત્રી

પંચકર્મ– અગ્નિકર્મ – મર્મ રુહ : (પીડન) ચિકિત્સા

સંધિવાત – પેરાલીસીસ – કેન્સર – ડાયાબીટીસ – કિડનીના રોગો

ગુરુ



વૈદ્ય નરસિંહાકાકા

નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®

www. niramayayurveda.com

રી–સર્ચ ફોર આયુર્વેદા

" પ્રતિક હાઉસ " ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગર સ્ટ્રીટ રોડ,
સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાની ગલીમાં, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત.
ફોન : ૦૨૬૧–૨૪૭૦૮૭૫, ૨૪૭૦૮૭૬, મો. ૭૫૭૪૮ ૬૧૮૫૬
હોસ્પિટલ સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૮.૦૦

ગુરુ



ડો. પી. યાદય્યા



વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ
B.A.M.S., MD, Ph.D
સમય : ૨.૦૦ થી ૮.૦૦

વેધનકર્મ અને અગ્નિકર્મ ચિકિત્સા

કેન્સર - હૃદયરોગ – કીડનીનારોગો

3C CARE WITH AYURVEDA

Ultimate Neuro - Arthritic Care



પાઈલ્સ અને પથરીના રોગોથી પરેશાન છો ??

- પિત્તાશયની પથરી (Gallbladder Stone)
- પેશાબની પથરી, કીડનીની પથરી
- અર્શ–મસા–ભગંદર

કષ્ટદાયક કેન્સરની સચોટ, અનુભૂત સફળ
(ટ્રેડીશનલ–જંગલની જડીબુટ્ટી)
રીસર્ચ – સહાયક આયુર્વેદિક સારવાર

શું તમે ડાયાલીસીસ કરાવો છો ???
ટ્રાન્સપ્લાન્ટેશન વગર કીડનીના રોગો માટે આયુર્વેદિક સહાયક સારવાર

ઈન્સ્યોરન્સ સુવિધા ઉપલબ્ધ...



•સ્ટ્રોક •હાઈ બ્લડ પ્રેશર•ડાયાબીટીસ•હૃદય રોગ
જેવા કારણોથી થતા પક્ષાઘાત (પેરાલીસીસ) ની
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ દ્વારા
૩૩ વર્ષના અનુભવી રીસર્ચ બેઈઝ અનુભૂત
"નિરામય" સહાયક અને ફળદાયી આયુર્વેદિક સારવાર

બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી–અસ્તાન રોડ, બારડોલી.
ફોન :૭૫૭૪૮૬૧૮૫૩ - ૯.૦૦ થી ૭.૦૦
સમય : દર શુક્રવારે -૧૦.૦૦ થી ૧.૦૦ (Courier Facility Available)

ઈચ્છાનાથ ૧૦૫, દેવાશિષ એપાટમેન્ટ, SVNIT કોલેજ સામે, ઉમરા રોડ, ઈચ્છાનાથ, સુરત.
સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦ ફોન : ૭૫૭૪૮૬૧૮૫૧

ભરૂચ એ-૨૨, અમરદિપ કોમ્પ્લેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી. ડેપો પાસે, ભરૂચ.
સમય : દર મહીનના ૨ જા રવિવારે સવારે ૧૦.૦૦ થી બપોરે ૨.૦૦
ફોન : ૭૫૭૪૮૬૧૮૬૬

Avdhoot
Dental & Implant Clinic

દાંતની તમામ પ્રકારની સ્પેશ્યાલીસ્ટ દ્વારા સચોટ સારવાર માટે અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ ડેન્ટલ ક્લિનીક



Dr. Jayanti R. Patel
M.D.S.
(Prosthodontics & Crown and Bridge)
Dean (Narsinhbhai Patel Dental College & Hospital, Visnagar)
President (Indian Prosthodontic Society)
M. 9824045092



Dr. Rushit J. Patel
M.D.S.
(Oral & Maxillofacial Surgery & Implantology)
Professor (Narsinhbhai Patel Dental College & Hospital, Visnagar)
M. 9824115092



Reception Area



Consulting Room



Speciality Treatment Area



Treatment Area

સ્પેશિયાલીસ્ટ દ્વારા ઉપલબ્ધ સુવિધાઓ




In House OPG & RVG
ડિજીટલ તથા આખા મોઢાના એક્સ-રેની સુવિધા



Intra Oral Scanner
દાંતનું માપ લેવાની કમ્પ્યુટરાઈઝ્ડ પધ્ધતિ



Dental Implant Supported Fixed Prosthesis & Over - Denture
સ્ક્રૂની મદદથી ફિક્સ દાંત તથા ચોકઠું બેસાડવાની સુવિધા.



Teeth in 72 Hrs. (Basal Implant.)
૭૨ કલાકમાં દાંત બેસાડવાની સુવિધા



Complete Denture
કાઢવા પહેરવાનું ચોકઠું



Crown & Bridge. (FPD)
દાંત પર કવર/કેપ તથા પડી ગયેલા દાંતની જગ્યાએ નવા દાંત બેસાડવાની સુવિધા



Root Canal Treatment
આધુનિક પદ્ધતિથી મૂળિયાની સારવાર



Orthodontic Treatment
વાંકાચૂકા દાંતની સારવાર



Extraction
દાંત/દાઢ પાડવાની તથા ડહાપણની દાઢની સારવાર



Flap Surgery
પેઢાની સર્જરી દ્વારા પાયોરિયાનો સચોટ ઈલાજ




Pedodontist
નાના બાળકોના દાંતની તમામ સારવાર



Laser Dentistry

ક્લિનીક - ૧
મારૂતિ કોમ્પલેક્ષ, બળીયા-લીમડી રોડ,
સિવિલ હોસ્પિટલ સામે,
અસારવા, અમદાવાદ-૧૬. મો. 9429524365
Time : 9.00 am to 1.00 pm | 5.00 pm to 9.00 pm

ક્લિનીક - ૨
૨૦૭, બીજો માળ, એમ્પાયર ડૉક્ટર હાઉસ,
અમીરાજ ફાર્મની બાજુમાં, કારગીલ પેટ્રોલ પંપની સામે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ. મો.9638971362
Time : 10.00 am to 1.00 pm | 4.00 pm to 9.00 pm


Manidhar
RESIDENCY
Ready Possesion
2BHK
Luxurious Flat
શ્રી કિરીટ ડાહ્યાભાઈ પટેલ (દેવગઢ)
Manidhar Village, Nr. S.T Workshop, Opp. Bahucharaji Temple, Becharaji - 384 210
CALL US: +91 97244 09962 | +91 73839 92422


JP HOSPITAL
ROBOTIC JOINT REPLACEMENT CENTRE
ROBOTIC PRECISION
HUMAN EXPERTISE
6500
થી વધુ
સર્જરીનો
અનુભવ
જેપી હોસ્પિટલ બન્યું રોબોટિક સેન્ટર
અદ્યતન CORI રોબોટ દ્વારા ઘૂંટણ, થાપા તથા
ઘૂંટણના આંશિક રિપ્લેસમેન્ટની સર્જરી
રોબોટિક પદ્ધતિ દ્વારા થાય છે.
Implant Planning
CORI by
Smith+Nephew
USA
એપોઇન્ટમેન્ટ નંબર :
+91 63526 94101 / 100
ડો. જય પટેલ (ઊંઝાવાળા)
Robotic Joint Replacement Surgeon
501-508, Grace Business Park, Sagar Sangit Cross Roads,
Nr. Shaleen Hospital, Sola, Ahmedabad-380060
સૌજન્ય :
માર્ટિન શ્રેશર

If undelivered please return to below address

'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪
E-mail : editorumiyajyot@gmail.com

Published by PATEL MUKESHKUMAR AMRUTLAL on behalf of KADVA PATIDAR KULDEVI SHREE UMIYA MATAJI SANSTHAN UNJHA and printed by HARSHAD GOVINDBHAI PATEL , Digital Web, FP-36/2. Opp. Umiya Campus, S.G. Highway, Gota, Ahmedabad-382481 and Pusblished by from 142/1, Kadva Patidar Kuldevi Shree Umiya Mataji Sansthan Unjha, Umiya Campus, Near. Bhagvat Vidhyapith, S.G. Highway, Sola, Ahmedabad - 380 060. : Editor - : AMRUT PATEL